ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે "Let's Talk IP - IPR Awareness for Viksit Bharat" કાર્યક્રમના ત્રીજા સત્રનું સફળ આયોજન કરવામાં આવ્યું. 'She Inspires: Women & IP' થીમ આધારિત આ કાર્યક્રમ શારદા કેમ્પસ ખાતે હાઈબ્રિડ મોડમાં યોજાયો હતો, જેમાં રાજ્યભરના 5,000થી વધુ વિદ્યાર્થીઓ, સંશોધકો અને ઈનોવેટર્સ જોડાયા હતા. કાર્યક્રમમાં પેટન્ટ્સ અને ડિઝાઈન્સના ડેપ્યુટી કન્ટ્રોલર ડૉ. દિવ્યા ઉષા રાવ, લેક્સપર્ટકોન્સિલિયમ LLPની વાઈસ પ્રેસિડેન્ટ સત્ય શ્રીદેવી પોગારુ તથા એક્યુપ્રેશ રીસર્ચ લેબ્સ પ્રાઈવેટ લિમિટેડ ની ડિરેક્ટર ડૉ. રીના ગોકાણી દ્વારા બૌદ્ધિક સંપત્તિ હકો અને નવીનતાના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમ નરોત્તમ સાહુ ની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

## વિશ્વ મહિલા દિવસ નિમિત્તે અમદાવાદના સિંધુભવન રોડ સ્થિત ઓક્સિજન પાર્ક ખાતે આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા "વૉક ફોર હર" કાર્યક્રમની ભવ્ય ઉજવણી

અમદાવાદ : આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા 2026 નો કાર્યક્રમ આજરોજ વિશ્વા મહિલા વિશ્વ મહિલા દિવસે ઓક્સિજન પાર્ક સિંધુભવન રોડ અમદાવાદ ખાતે ઉજવવામાં આવ્યો હતો. શ્રી જગદીશભાઈ પંચાલ પ્રદેશ અધ્યક્ષ, ગુજરાત ભાજપ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. શ્રી દેવાંગભાઈ દાણી સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, શહેર પ્રમુખ શ્રી પ્રતિકભાઈ શાહ સાથે ૬૦૦થી વધુ પ્રજાજનોએ આ કાર્યક્રમમાં જોડાઈને તેને જ્વલંત સફળતા અપાવી.શ્રી જગદીશભાઈ પંચાલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ભાજપની મહિલા પાંખની મહિલાઓના લાભાર્થે કોર્પોરેશનના બગીચાઓમાં આ કાર્યક્રમ યોજવામાં આવશે જેથી અનેક મહિલાઓને વિનામૂલ્યે આવલાભ મળશે. આશીર્વાદ ફાઉન્ડેશનના એક સર્જનાત્મક વિચાર દ્વારા આ યોજનામાં પ્રજાજનોને ચાલવાની અપીલ દ્વારા તેમની તંદુરસ્તી સાચવવાનો



એક ઉમદા હેતુ સાથે "પૈસા નહીં પગલાનું દાન કરો". દાનમાં આવેલ કુલ પગલાના દર ૫,૦૦૦ પગલાએ એક મહિલાનું સ્તન કેન્સર ચેકઅપ વિનામૂલ્યે કરવાની યોજના છે. તમારા ચાલેલા પગલાંથી કોઈ મહિલાનો જીવ બચી જાય તો તેના પુન્યના અધિકારી તમે બનો છો. પોતાના પ્રમુખ શ્રી આર એસ પટેલે જણાવ્યું કે આજે વિશ્વ મહિલા દિવસના અઠવાડિયામાં ચાલવાની આ યોજનાનો છેલ્લો દિવસ છે જેમાં આજ સવાર સુધીમાં સાત કરોડથી વધુ પગલાં દાનમાં આવી ગયા છે."વોક ફોર હર"ના પ્રોજેક્ટ દ્વારા મહિલાઓના સ્તન કેન્સરના વિનામૂલ્યે પ્રોજેક્ટના સર્જાત્મક વિચારનું સૂચન કરનાર સંસ્થાના ટ્રસ્ટી શ્રી કેતુલ પટેલે જણાવ્યું હતું કે અગાઉના ત્રણ કાયક્રમમાં ૧૧ કરોડથી વધુ પગલાંના દાનથી ૨૫૦૦૦થી વધુ મહિલાઓના સ્તન કેન્સર ચેકઅપ વિનામૂલ્યે કરવામાં આવ્યા.

## નવસારીના રાહેજ ગામે 'કેચ ધ રેન' અભિયાનનું ખાતમુહૂર્ત



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નવસારી જિલ્લાના રાહેજ ગામે જળ સંચય અને જનભાગીદારીને પ્રોત્સાહન આપવા 'કેચ ધ રેન' અભિયાનનું ખાતમુહૂર્ત કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી આર પાટીલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું. આ અભિયાન દ્વારા વરસાદી પાણીના સંચય અને જળ સંરક્ષણ અંગે જનજાગૃતિ વધારવાનો ઉદ્દેશ્ય છે. કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રી નરેશ પટેલ અને ઈશ્વરસિંહ પટેલ સહિત જિલ્લા સ્તરના અધિકારીઓ, આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નવસારીના રાહેજ ગામે 'જલ જીવન મિશન' અંતર્ગત જલોત્સવનો પ્રારંભ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નવસારી જિલ્લાના રાહેજ ગામે 'જલ જીવન મિશન' અંતર્ગત જલોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી આર પાટીલની અધ્યક્ષતામાં કરવામાં આવ્યો. કાર્યક્રમ દરમિયાન મંત્રીએ મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા પાઠવી અને પાણી સંરક્ષણ માટે જનભાગીદારી વધારવાનો આહ્વાન કર્યો. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાનના નેતૃત્વમાં મહિલાઓના સશક્તિકરણ માટે સ્વચ્છતા, પીવાના પાણી સહિત અનેક ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ કામગીરી થઈ છે અને વિકાસયાત્રામાં મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. શ્રી પાટિલે પાણી



સંરક્ષણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે ભૂગર્ભ જળસ્તર સતત નીચે જઈ રહ્યું છે, તેથી પાણી બચતને જનઆંદોલન બનાવવું જરૂરી છે. વડાપ્રધાનના આહ્વાનને અનુસરીને દેશભરમાં લાખો પાણી સંરક્ષણ માળખાં લોકો દ્વારા સ્વખર્ચે બનાવવામાં આવ્યા છે, જે જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ છે. કાર્યક્રમ દરમિયાન મંત્રીએ નવસારી જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા પણ કરી હતી. જેમાં રાહેજ ગામની વોટર સપ્લાય યોજના, ખાપરિયા ગ્રામ પંચાયત ખાતે રૂફટોપ રેનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ તથા ખારેલ-મતવા રોડ પર પર્કોલેશન પિટ (જલતારા) જેવા પાણી સંરક્ષણ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરવામાં આવ્યું.

## ડાકોર ખાતે મહિલા દિવસે પધારેલા ભાજપના પ્રદેશ અધ્યક્ષે કૃષ્ણાશ્રય ગૌશાળાની મુલાકાત લીધી



અશેષ વ્યાસ | ખેડા

ખેડા જિલ્લા મહિલા મોરચા આયોજિત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ પંચાલજી પધાર્યા હતા જેમાં તેમણે ડાકોર શ્રી રણછોડરાયજીના દર્શન કરી આશિર્વાદ લઈ અને માધવ બાગ શ્રી કૃષ્ણાશ્રય ગૌશાળા ખાતે પધારી ગૌશાળા ખાતે મહંત શ્રી વિજય દાસજી મહારાજ ની મુલાકાત કરી અને ગાયો ને ઘાસ ખવડાવા ની સેવા કરી હતી અને માધવ બાગ ખાતે ટિફિન બેઠક કરી ભાજપ ના સંગઠન ના હોદેદારો આગેવાન કાર્યકર્તાઓ સાથે ભોજન લીધું હતું આકાર્યક્રમ મા પ્રદેશ મહામંત્રી અને મધ્યઝોન ઝોન ઈનચાર્જશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ,પ્રદેશ મહામંત્રી શ્રીઅજયભાઈ બ્રહ્મભટ,ખેડા જિલ્લા પ્રભારીશ્રી રમેશભાઈ દેસાઈ,જિલ્લા અધ્યક્ષ શ્રીમતી નયનાબેન પટેલ,કેબિનેટ મંત્રીશ્રી રમણભાઈ સોલંકી, રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડા,ધારાસભ્યશ્રી યોગેન્દ્રસિંહ પરમાર, અર્જુનસિંહ ચૌહાણ, કલ્પેશભાઇ પરમાર સહિત જિલ્લા મહિલા મોર્ચા ના અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠાબેન મહીડા,રીટાબેન ઓઝા,પાર્વતિ બેન મકવાણા,ખેડા જીલ્લા મહામંત્રીશ્રીઓ અમિતભાઈ ડાભી,રાજેશભાઈ પટેલ,દીપકભાઈ મિસ્ત્રી,ચારે મંડલ પ્રમુખો હોદેદારો અને વિશાળ સંખ્યામાં નારી શક્તિ ઉપસ્થિત રહ્યાં.

# અધૂરી ઈચ્છા

## ટૂંકીવાર્તા



- રુપાલી દવે



.... પ્રેમ બધા સાથે નથી થતો ખાસ વ્યક્તિ સાથે જ થતો હોય છે.લગ્ન ના પચ્ચીસ વર્ષ થઈ ગયા છતાંય પ્રેમ નો અહેસાસ મારા દિલ ને ક્યારેય થયો નહતો.પ્રથમ વખત મારું દિલ સુધીર સર ની સાથે આંખ મળતા જોર ધડક્યું હતું...કાર્તિક ની કાયમી બકબક:'સ્મૃતિ તું સહેજ પણ રોમેન્ટીક નથી..કેટલી બધી બોરિંગ છો? થોડું આસપાસ નજર કરીને જો તો સમજાશે કે તારી ઉંમર ની સ્ત્રીઓના શોખ અને મિજાજ ને એક જલક જોતાજ પુરુષો હોંશ ખોઈ બેસતા હોય છે... સ્ત્રીઓને શૃંગાર ની પ્રતિમા આમ જ કવિઓ શાયરો એ થોડી કીધી છે...દર વર્ષે વિમેન્સ ડે ના દિવસે મોંઘી મેકઅપ કીટ થી લઈને ફેશનેબલ કપડાં ગિફ્ટ આપું છું પણ એક દિવસ પૂરતો મને ખુશ કરવા મારી ગિફ્ટ નો ઉપયોગ કરે છે...વિમેન્સ ડે પૂરો થયા બાદ એ બધી વસ્તુઓ તિજોરી માં કેદ થઈ જાય છે. બાપરે!!તને તો નાનો સરખો આભૂષણ,મેકઅપ કે ફેશનેબલ કપડાં નો શોખ સુદ્ધા નથી..નેઈલ પોલીસ કરવી તને ગમે નહી ને પર્ફ્યુમ ની તને એલર્જી... વગેરે વગેરે ' ની મારા કાન ને આદત પડી ગઈ છે.પતિદેવ ના ખાસ મનપસંદ વાક્યો 'વરસો થી બોરિંગ,નિરુત્સાહી અને સેક્સ પ્રત્યે અરૂચિ ધરાવનાર પત્ની સાથે રહેવા બદલ મને એવોર્ડ મળવો જોઈએ.' સાંભળી ને હસવું આવે છે.

કૃતિ એ સ્મૃતિ ની વાત સાંભળતા જ ખડખડાટ હસતા હસતાં કહ્યું કે જીજુની વાત માં દમ છે તું એટલી બધી બોરિંગ વ્યક્તિ છો ને કે તારા સાથે રહેનાર વ્યક્તિ ધન્યવાદ ને પાત્ર છે. કૃતિ એ સ્મૃતિ નો હાથ પોતાના હાથ માં લેતા એને કીધું કે છોડ જીજુ ની વાત ને એ ક્યાં મોટા સાધુ સંત છે કે તારા માટે આવું બોલ્યા કરે છે. આજ તારા ફેસ ની લાલિમા વાંચી ને મને એવું લાગે છે કે તારા દિલ માં છુપાવેલી સિક્રેટ વાત તું મને કહેવા માંગે છે..શું વાત છે? શું વાત છે? આખરે અન રોમેન્ટિક સ્મૃતિ ના દિલ માં ૪૦ વર્ષે પ્રેમ ની શરણાઈ ના સુર વાગવા ખરા.

સહેજ શરમાઈ ને સ્મૃતિ એ એનો ચહેરો બન્ને હથેળી આડે સંતાડી દીધો..કૃતિ થી ૪૦ વર્ષ ની બહેનપણી સ્મૃતિ ની વિચિત્ર વર્તનથી હસી પડાયું..ખરેખર પ્રેમ ઉંમર જોઈ ને નથી થતો હોતો.. છતાંય પ્રેમ થવો એ એક સંજોગ સમજુ છું પ્રેમ એ એક મીઠો અહેસાસ છે પ્રેમ થતાંજ મન હદય માં સંગીત ના સુર વાગવા લાગે છે બિલકુલ શાહરૂખ ખાન ની રોમેન્ટિક ફિલ્મો ની માફક..

કૃતિ એ સ્મૃતિ ના મનમાં ચાલી રહેલા વિચારો વાંચવા માટે પ્રેમથી સમજાવ્યું કે યાર!!તને પ્રેમ થયો એતો સારી વાત છે એમાં ગભરાવવાની શું જરૂર છે? જીજુ પણ એની રીતે ભાઈબંધો સાથે ક્લબ વગેરે પાર્ટીઓ કરતા જ હોય છે તું પણ તારી લાઈફ એન્જોય કર.. લાઈફ એન્જોય કરવાનો તને માંડ ચાન્સ મળ્યો છે. તારી બેંક માં ટ્રાન્સફર લઈને આવેલ તારા બોસ સુધીર સર જેને પ્રથમ નજરે તારી સાથે ક્રશ થયો છે એ કુંવારા છે ને તને પણ એ ગમે પણ છે તો સમસ્યા શું નડે છે? સ્મૃતિ થોડી તો રોમેન્ટિક બન..

પણ..પણ..મેરીડ સ્ત્રીને પ્રેમમાં પડવું પોસાઈ નહી વરસો ની મહેનત થી જમાવેલી સુખી ગૃહસ્થી એક નાનકડી ભૂલ થી વેર વિખેર થઈ શકે છે. પચ્ચીસ વર્ષ ના લગ્ન જીવન માં કાર્તિક એ બોરિંગ અન રોમેન્ટિક સ્મૃતિ ને પ્રેમથી નિભાવી છે એને 'પ્રેમ' શબ્દ ની લપસણી જાળ માં પડી દગો ન આપી શકું. બોલતા બોલતા સ્મૃતિ ની આંખ માંથી આંસુઓ વહેવા લાગ્યા...રડતા રડતા સ્મૃતિ બોલી કે યાર!!મને મારા પર ધિક્કાર ની લાગણીઓ થઈ રહી છે, મારો કાર્તિક જે ચીજ પચ્ચીસ વર્ષ થી પત્ની માં જે જોવા માંગતો હતો એ એના લાખ પ્રયત્નો બાદ ન થયું...મહિના ની મેનેજર સાથે ની મુલાકાત માં મારા દિલ એ મને આધુનિક સ્મૃતિ બનાવી દીધી. એક દિકરા ની મમ્મી અને પ્રેમાળ પતિ ની પત્ની કેટલી બધી સ્વાર્થી નીકળી? એક મહિના માં મારા શોખ અને વિચારો માં બદલાવ નિહાળી ને મારો કાર્તિક તો ખૂબ ખુશ ખુશાલ છે પણ એને સ્વપ્નેય ખ્યાલ નથી કે મારા માં આવેલ પરિવર્તન નું કારણ કોણ છે? તને ખબર છે રંગેલા નેઈલ અને આંખો માં કાજળ નિહાળી ને કાર્તિક એ પણ પોતાના માં ગુસ્સેલ સ્વભાવ માં નરમાશ લાવી દીધી છે. સાડી ને બદલે ડ્રેસ પરિધાન કરું એ એવું એ ઈચ્છતો હતો પણ મેં એના શોખ ને અવગણી ને કાયમ સાડી જ વધારે પહેરી છે. અચાનક મેનેજર ની સાથે આંખ મળતા સાડીઓ નો ત્યાગ કરીને ડ્રેસ પહેરવા લાગી..આનો મતલબ તો એ થયો કે કાર્તિક ની લાગણી ની મેં ક્યારેય કદર જ નથી કરી એટલે તો એના લાખ ઉપકાર હોવા છતાંય ક્યારેય એના પ્રેમ ને દિલ થી આવકાર્યો નહતો.કાશ!!મેં મારા કાર્તિક ની ઈચ્છાઓને અવગણવા ને બદલે દિલ થી એને સન્માન આપ્યું હોત તો મને મેનેજર સાથે ક્રશ થયો ન હોત..


કૃતિ એ સ્મૃતિ ના હાથ માં પાણી નો ગ્લાસ પકડાતા કહ્યું કે સ્મૃતિ, હ્યુમન સાયકોલોજી એટલી બધી વિચિત્ર હોય છે ને કે જે સાથે હોય એની કદર નથી હોતી ને જે અશક્ય છે એને મેળવવા રેસ લગાવે છે.ઘણીવાર માણસ ના મનની અધૂરી ઈચ્છાઓ જ માણસ ને ના ઈચ્છવા છતાંય બધું કરાવતું હોય છે.મને યાદ છે બેંક માં તને જોબ મળ્યા બાદ લગ્ન કરવાની તારી ખાસ ઈચ્છા નહતી.તું પણ મારા જેમ કુંવારા લાઈફ એન્જોય કરવા માંગતી હતી,કેમ? આપણા બન્ને ને બાળપણ થી જ ભણવું વધારે ને ઘરકામ ઓછું પસંદ હતું મતલબ 'જવાબદારીઓ' વાળુ કામ કરવું ગમતું નહતું.. કોલેજ માં પ્રોફેસર ની જોબ મળતા જ મેં મારો ઈરાદો લગ્ન ન કરવાનો મારા ડેડી ને જણાવ્યો ત્યારે એણે 'મને જે ગમે એ કરવાની' સહમતી આપી દીધી હતી. કાર્તિક કુમાર નું તારા ઘરમાં આગમન થતા જ એની ચાર્મિંગ પર્સનાલિટી થી ખુશ થઈ ને તારા ડેડી એ તને એની સાથે પરણાવી દીધી હતી. તારા દિલમાં સુષુપ્ત અવસ્થા માં 'કુંવારા' રહેવાની ઈચ્છા નું મૃત્યુ થતા એ અધૂરી ઈચ્છા બની ને સુધી જીવીત રહી હતી. 'કુંવારા મેનેજર' ને પ્રથમ દૃષ્ટિ એ જોતા જ અધૂરી ઈચ્છાઓને ખુલીને બહાર નીકળી આનો અર્થ એ નથી કે તને કાર્તિક કુમાર સાથે ક્યારેય પ્રેમ થયો નથી..થયો છે પણ કાર્તિક કુમાર ના માથે 'પરણેલા' ની ટેગ લાગી છે એટલે.

સ્મૃતિ એ કૃતિ ની વાત સાંભળતા જ એની સાથે સહમત થતા કહ્યું કે યાર!!અધૂરી ઈચ્છાઓ ના ચક્કર માં મારી ગૃહસ્થી કકડભૂસ ન થઈ જાય.. સાયકોલોજી ના પ્રોફેસર તમારા પાસે મારી નવી પળોજણ માંથી છૂટવા નો ઉપાય છે..

કૃતિ એ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે પ્રથમ ઉપાય નોકરી ને બાય બાય કરો..અને બીજો ટ્રાન્સફર..

લગ્ન ના સત્યાવીસ વર્ષ બાદ કાર્તિક એ એની પત્ની ના બદલાયેલા સ્વરૂપ અને સ્વભાવ પર શંકા કરવાના બદલે સહર્ષ સ્વીકારી લીધું..કેમ? બોરિંગ અન રોમેન્ટિક સ્મૃતિના મોહક સ્માઈલ ની ઝલક સતત વરસ્યા કરતી હતી..

## મહીસાગર જીલ્લામાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા લાઈનમેન દિવસ તથા સલામતી દિવસ" ઉજવણી કરવામાં આવી



જગદીશ ત્રિવેદી મહીસાગર

રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ વીજ વિતરણ કંપનીઓ અને નિગમોમાં ફરજ બજાવતા લાઈનસ્ટાફની કપરી કામગીરીને બિરદાવવા તેમજ સલામતી અંગે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી લુણાવાડા વિભાગીય કચેરી ખાતે 'છઠ્ઠો લાઈનમેન દિવસ તથા સલામતી દિવસ' ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યપાલક ઈજનેર શ્રી યુ. એ. સોલંકીના નેતૃત્વમાં અને સ્થાનિક વહીવટી વિભાગના સહયોગથી આ પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે કોર્પોરેટ ઓફિસના વિશેષ મુખ્ય ઇજનેર (તકેદારી) શ્રી વી. એન. રાઠવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત કર્મચારીઓને ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વીજ સલામતી અને સાવચેતીના ભાગરૂપે વિવિધ શૈક્ષણિક વીડિયો, પોસ્ટર પ્રદર્શન અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાઈનસ્ટાફને ફિલ્ડમાં કામ કરતી વખતે રાખવાની તકેદારી અને સુરક્ષા ઉપકરણોના મહત્તમ ઉપયોગ અંગે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. કાર્યક્રમની વિશેષતા એ રહી કે તેમાં લાઈનસ્ટાફના કુટુંબીજનોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સ્થાનિક સેવાભાવી વ્યક્તિઓ અને ગ્રાહકોની હાજરીમાં વીજ અકસ્માત નિવારવા અને 'શૂન્ય અકસ્માત' (Zero Accident) ના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે શપથ લેવામાં આવ્યા હતા. કર્મચારીઓના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપતા સ્થળ પર જ 'હેલ્થ ચેક-અપ કેમ્પ'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો બહોળી સંખ્યામાં સ્ટાફે લાભ લીધો હતો. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય અવિરત વીજ પુરવઠો પૂરો પાડતા લાઈનમેનોના અતુલ્ય યોગદાનને સન્માનવાનો તેમજ સામાન્ય જનતામાં વીજ સલામતી અંગે જાગૃતિ ફેલાવવાનો છે. ઘરગથ્થુ ઉપકરણોના વપરાશ વખતે રાખવી પડતી સાવચેતી અને અકસ્માત નિવારવાના ઉપાયો વિશે ગ્રાહકોને માહિતગાર કરી, ગ્રાહક સંતોષ સાથે સુરક્ષિત કાર્યપદ્ધતિ અપનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# સલીમ ખાનની રિકવરી વચ્ચે સલમાનની પહેલી પબ્લિક અપિયરન્સ...



## ટ્રેડ એનાલિસ્ટના દીકરાના પ્રી-વેડિંગમાં પહોંચ્યો; આમિર-હૃતિક સહિતના સેલેબ્સનો જમાવડો





સિંગર હિમેશ રેશમિયા પણ પત્ની સોનિયા કપૂર સાથે તેમાં સામેલ થયો છે. સિંગરે બ્લેક શર્ટ સાથે બ્લુ બ્લેઝર પહેર્યો હતો, જ્યારે તેની પત્નીએ મેટાલિક સાડી પહેરી હતી. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના એક્ટર દિલીપ જોષી પણ પ્રી-વેડિંગમાં સામેલ થયા. આ ઉપરાંત જાવેદ અખ્તર, વિદ્યા બાલન, ફરાહ ખાન સહિત અનેક સેલેબ્સ પણ આ સેલિબ્રેશનમાં ચાર ચાંદ લગાવવા પહોંચ્યા છે.






# 'હું મારું ફોડી લઈશ, તમારે સમય બગાડવાની જરૂર નથી

## :છૂટાછેડા વિવાદ પર થલાપતિ વિજયની પહેલી પ્રતિક્રિયા; સાઉથ સ્ટાર પર લગ્નેત્તર સંબંધનો આક્ષેપ



(એજન્સી) મુંબઈ તા.08

સાઉથ એક્ટર અને રાજનેતા થલાપતિ વિજય આ દિવસોમાં છૂટાછેડાને કારણે વિવાદોમાં છે. તેની પત્નીએ એક્સ્ટ્રા મેરિટલ અફેર (લગ્નેત્તર સંબંધ)નો આરોપ લગાવતા છૂટાછેડાની અરજી આપી છે અને હવે એલિમોની (ભરણપોષણ)ની પણ ચર્ચા છે. આ દરમિયાન એક્ટરે પહેલીવાર આ સમગ્ર વિવાદ પર જાહેરમાં વાત કરી છે. તેણે ચાહકોને કહ્યું છે કે, તેના અંગત જીવનમાં ચાલી રહેલી સમસ્યાઓ તે પોતે જ ઉકેલી લેશે, તેમાં સમય બગાડવાની જરૂર નથી.

થલાપતિ વિજય તાજેતરમાં ચેન્નઈમાં પોતાની પોલિટિકલ પાર્ટી 'તમિલગા વેત્રી કડગમ'ના મહિલા દિવસ કાર્યક્રમમાં સામેલ થયો હતો. આ દરમિયાન તેણે ત્યાં હાજર તમામ ચાહકોને સંબોધિત કરતા છૂટાછેડાના વિવાદ પર કહ્યું, 'તાજેતરમાં મારી આસપાસ જે સમસ્યાઓ ચાલી રહી છે, કૃપા કરીને તેની ચિંતા ન કરો. તે વાતો તમારા સમયને લાયક નથી. હું તેમને પોતે જ સંભાળી લઈશ.'


એક્ટરે આગળ કહ્યું, 'મને સૌથી વધુ દુઃખ ત્યારે થાય છે, જ્યારે હું જોઉં છું કે મારા કારણે તમે ઉદાસ કે પરેશાન થઈ જાઓ છો. કૃપા કરીને મારી સમસ્યાઓનો બોજ પોતાના પર ન લો.' થલાપતિ વિજયની પત્ની સંગીતા સોરનાલિંગમે તાજેતરમાં છૂટાછેડા માટે અરજી કરી છે. તેણે આરોપ લગાવ્યા છે કે, વિજયનો લગ્નેતર સંબંધ ચાલી રહ્યો છે, જે તેમના છૂટાછેડાનું કારણ છે. થલાપતિ વિજયનું નામ લાંબા સમયથી સાઉથ એક્ટ્રેસ ત્રિશા સાથે જોડાઈ રહ્યું છે. છૂટાછેડાના સમાચારો સામે આવ્યા પછી વિજય, ત્રિશા સાથે એક લગ્નમાં પહોંચ્યા. બંનેએ સાથે એન્ટ્રી લીધી અને સાથે તસવીરો ક્લિક કરાવી, જેનાથી તેમના રિલેશનશિપના સમાચારો વધુ વધી ગયા છે.

### વિજયના સમર્થનમાં બોડીગાર્ડની પોસ્ટ

ત્રિશા સાથે અફેરની ચર્ચાએ જોર પકડતા જ વિજયના બોડીગાર્ડ અરુણ સુરેશે સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ કરી છે. આ પોસ્ટને લોકો વિજય અને ત્રિશા સાથે જોડી રહ્યા છે.

ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મૂકીને લખ્યું હતું કે, 'હવે અફવાઓથી ઉપર ઉઠવાનો સમય આવી ગયો છે.' સાથે જ તેણે ફાયર ઈમોજી પણ લગાવ્યું હતું. જોકે, થોડી વાર પછી તેણે આ સ્ટોરી ડિલીટ કરી દીધી હતી. વિજય અને સંગીતાની પહેલી મુલાકાત 1990ના દાયકાના અંતમાં થઈ હતી. સંગીતા તે સમયે યુકેમાં રહેતી હતી અને વિજયની મોટી ચાહક હતી. એવું કહેવાય છે કે તે તેની એક ફિલ્મના શૂટિંગ દરમિયાન ચેન્નાઈ આવી હતી અને તેને સેટ પર મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમની મુલાકાત દરમિયાન, સંગીતાએ વિજયને કહ્યું કે તે તેની ફિલ્મોની નિયમિત દર્શક છે.

# 'ધુરંધર 2'ના ટ્રેલર પર આલિયા ભટ્ટ આફરીન : એક્ટ્રેસે લખ્યું- 'ટ્રેલર આઉટ ઓફ કંટ્રોલ છે'; હૃતિક રોશને પણ રણવીર સિંહના વખાણ કર્યા




(એજન્સી) મુંબઈ તા.08

રણવીર સિંહની આગામી ફિલ્મ 'ધુરંધર 2: ધ રિવેન્જ'નું ટ્રેલર રિલીઝ થતાની સાથે જ સોશિયલ મીડિયા પર છવાઈ ગયું છે. ટ્રેલરમાં દમદાર એક્શન, ઈન્ટેન્સ બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને રણવીરના ખતરનાક અવતારે દર્શકોની સાથે સાથે બોલિવૂડ સ્ટાર્સને પણ ચોંકાવી દીધા છે. ખાસ વાત એ છે કે, ઘણા મોટા સ્ટાર્સે આ ટ્રેલર પર તરત જ પ્રતિક્રિયા આપી છે, જેમાં આલિયા ભટ્ટ અને હૃતિક રોશનનો પણ સમાવેશ થાય છે.

ટ્રેલર જોયા પછી આલિયા ભટ્ટે સોશિયલ મીડિયા પર પોતાની પ્રતિક્રિયા આપતા લખ્યું કે, 'આ ટ્રેલર આઉટ ઓફ કંટ્રોલ છે' અને તેણે 'બીસ્ટ મોડ ઓન' જેવા શબ્દોથી ફિલ્મની પ્રશંસા કરી. આલિયાની આ પ્રતિક્રિયા પરથી સ્પષ્ટ થાય છે કે ફિલ્મનું એક્શન અને પ્રસ્તુતિ તેમને ખૂબ પ્રભાવિત કરી ગયું. ટ્રેલરમાં રણવીર સિંહનો અંદાજ એટલો દમદાર બતાવવામાં આવ્યો છે કે ચાહકોની સાથે-સાથે સેલેબ્સ પણ તેને લઈને ખૂબ ઉત્સાહિત જોવા મળી રહ્યા છે.

આલિયા ઉપરાંત હૃતિક રોશને પણ ટ્રેલર પર કમેન્ટ કરતા રણવીર સિંહના કામની પ્રશંસા કરી. તેણે ટ્રેલરને ખૂબ જ સારું ગણાવ્યું અને કહ્યું કે, 'આ ખૂબ જ પ્રભાવશાળી છે.' ખાસ વાત એ છે કે, પહેલાં ફિલ્મના પ્રથમ ભાગની રાજનીતિ સાથે અસહમતિ દર્શાવવા છતાં હૃતિકે તેના સિક્વલના ટ્રેલરને શાનદાર ગણાવ્યું છે. ફિલ્મના ટ્રેલર પર રામ ગોપાલ વર્મા, રોહિત શેટ્ટી અને અન્ય ઘણા બોલિવૂડ સ્ટાર્સે પણ સકારાત્મક પ્રતિક્રિયા આપી છે. ઘણા સેલેબ્સે સોશિયલ મીડિયા પર કોમેન્ટ અને ઈમોજી દ્વારા ફિલ્મની ટીમને અભિનંદન પાઠવ્યા.

'ધુરંધર 2: ધ રિવેન્જ'નું ડિરેક્શન આદિત્ય ધર દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મ 'ધુરંધર'નો બીજો ભાગ છે અને તેમાં રણવીર સિંહ સાથે અર્જુન રામપાલ, સંજય દત્ત અને આર. માધવન જેવા કલાકારો પણ જોવા મળશે. આ ફિલ્મ એક સ્પાય-એક્શન વાર્તા પર આધારિત છે, જેમાં ભારતીય જાસૂસો અને આતંકવાદી નેટવર્ક વચ્ચેના સંઘર્ષને દર્શાવવામાં આવ્યો છે.

ટ્રેલર રિલીઝ થયા પછી સોશિયલ મીડિયા પર પણ જબરદસ્ત ચર્ચા જોવા મળી રહી છે. ચાહકો રણવીર સિંહના નવા લુક અને હાઈ-ઓક્ટેન એક્શનના ખૂબ વખાણ કરી રહ્યા છે. આ જ કારણ છે કે ફિલ્મના રિલીઝને લઈને દર્શકોની ઉત્સુકતા વધુ વધી ગઈ છે. 'રહેમાન ડકૈતની મોત બાદ લૈયારીનો બાદશાહ કોણ બનશે?'

# સંજય લીલા ભણસાલી પ્રોડક્શનની બાયોપિકમાં જોડાવાની ચર્ચાએ વેગ પકડ્યો, જાણો શું છે હકીકત

(એજન્સી) મુંબઈ તા.08

લિજેન્ડરી એક્ટ્રેસ મધુબાલાની બાયોપિકને લઈને છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં અનેક પ્રકારના સમાચાર સામે આવી રહ્યા હતા. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે, આ ફિલ્મમાં લીડ રોલ માટે કિયારા અડવાણીને કાસ્ટ કરવામાં આવી છે અને ફિલ્મને જાણીતા ફિલ્મમેકર સંજય લીલા ભણસાલી પ્રોડ્યુસ કરવાના છે. જોકે હવે ઈન્ડસ્ટ્રીના સૂત્રોએ આ સમાચારોને સંપૂર્ણપણે પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે.


ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા એક વિશ્વસનીય સૂત્રે સ્પષ્ટપણે કહ્યું છે કે, 'કિયારા અડવાણી અને સંજય લીલા ભણસાલીનું મધુબાલાની બાયોપિક સાથે જોડાવાના સમાચારોમાં કોઈ સત્યતા નથી.'

સૂત્ર મુજબ, 'આ સંપૂર્ણપણે ખોટી માહિતી છે કે, કિયારા અડવાણીને ભણસાલીની મધુબાલા બાયોપિક માટે કાસ્ટ કરવામાં આવી છે. આ દાવાઓમાં સહેજ પણ સત્યતા નથી.'

ખરેખરમાં, તાજેતરમાં ઈન્ટરનેટ પર ઘણા અહેવાલો વાયરલ થયા હતા, જેમાં કહેવામાં આવ્યું હતું કે, મધુબાલાના જીવન પર બનનારી ફિલ્મ માટે કિયારા અડવાણીને ફાઈનલ કરવામાં આવી છે. સાથે જ એવો પણ દાવો કરવામાં આવી રહ્યો હતો કે સંજય લીલા ભણસાલી આ ફિલ્મનું નિર્માણ કરવાના છે. આ સમાચારો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ચાહકો વચ્ચે ઘણી ચર્ચા શરૂ થઈ ગઈ હતી.

મધુબાલા હિન્દી સિનેમાની સૌથી પ્રતિષ્ઠિત અને સુંદર એક્ટ્રેસિસમાંની એક ગણાય છે. તેમની ફિલ્મો અને તેમના જીવન સાથે જોડાયેલી વાર્તાઓ આજે પણ દર્શકોને આકર્ષિત કરે છે. આવી સ્થિતિમાં, જ્યારે તેમની બાયોપિકને લઈને સમાચાર સામે આવ્યા, ત્યારે ચાહકોમાં સ્વાભાવિક રીતે ઉત્સુકતા વધી ગઈ.

જોકે, હવે ઈન્ડસ્ટ્રીના સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે કે, હાલમાં આવા કોઈ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવી રહ્યું નથી અને કિયારા અડવાણીને આ રોલ માટે કાસ્ટ કરવામાં આવી નથી. સૂત્રોના




જણાવ્યા અનુસાર, આ સમાચાર માત્ર અટકળો પર આધારિત હતા, જેનો વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ નથી. હાલમાં મધુબાલાની બાયોપિકને લઈને સત્તાવાર રીતે કોઈ ફિલ્મ કે કાસ્ટિંગની જાહેરાત કરવામાં આવી નથી.

# 'ઓહ માય ગોડ 3'માંથી રાની મુખર્જીની એક્ઝિટ!

(એજન્સી) મુંબઈ તા.08

અક્ષય કુમારની પ્રખ્યાત ફ્રેન્ચાઈઝી 'ઓહ માય ગોડ'ની ત્રીજી ફિલ્મ 'ઓહ માય ગોડેસ'માં રાની મુખર્જી મુખ્ય ભૂમિકા ભજવવાની છે, તેવા સમાચાર થોડા દિવસ પહેલા સામે આવ્યા હતા. જોકે, તાજેતરમાં આવેલા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, રાનીને આ ફિલ્મ માટે ક્યારેય સાઈન કરવામાં આવી નહોતી. વાતચીત શરૂઆતના તબક્કે જ અટકી ગઈ હતી.

'વેરાયટી ઈન્ડિયા'ના રિપોર્ટ અનુસાર, રાની મુખર્જીને ફિલ્મમાં લીડ હિરોઈન તરીકે લેવા અંગે શરૂઆતની વાતચીત થઈ હતી. ફિલ્મમાં અક્ષય કુમાર એક્સટેન્ડેડ કેમિયો રોલમાં જોવા મળવાનો હોવાનું કહેવાય છે. સૂત્રો અનુસાર, રાનીને ફિલ્મની વાર્તાનો એક નાનો આઉટલાઈન સંભળાવવામાં આવ્યો હતો અને તેને તેમાં રસ પણ હતો. જોકે, વાતચીત આગળ વધી શકી નહીં. એક સોર્સ અનુસાર, અક્ષય અને રાની વચ્ચે લાંબા સમયથી સારો સંબંધ છે, પરંતુ ચર્ચા ખૂબ જ શરૂઆતના તબક્કે હતી.

# 'દરેકને કામની શરતો નક્કી કરવાની આઝાદી હોવી જોઈએ' : કરીના કપૂર

(એજન્સી) મુંબઈ તા.08 બોલિવૂડમાં આ દિવસોમાં એક્ટ્રેસ દીપિકા પાદુકોણની 8 કલાકની વર્ક શિફ્ટની માંગને લઈને ચર્ચા તેજ બની છે. આ જ મુદ્દે હવે કરીના કપૂર ખાને પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. કરીનાએ કહ્યું કે, કોઈપણ કલાકારને પોતાની જરૂરિયાત મુજબ કામની શરતો નક્કી કરવાની આઝાદી હોવી જોઈએ, ખાસ કરીને ત્યારે જ્યારે તે પરિવાર અને બાળકોની જવાબદારી પણ નિભાવી રહી હોય.

'ધ હોલીવુડ રિપોર્ટર ઈન્ડિયા' સાથેની વાતચીતમાં કરીના કપૂરે કહ્યું કે, 'ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ અને અંગત જીવન વચ્ચે સંતુલન ખૂબ જ જરૂરી છે. જો કોઈ એક્ટ્રેસ પોતાના બાળકો સાથે સમય વિતાવવા માટે મર્યાદિત કલાકો કામ કરવા માંગે છે, તો તેમાં કંઈ ખોટું નથી.' તેણે કહ્યું કે, 'આવી શરતો ત્યારે જ યોગ્ય રહે છે, જ્યારે ફિલ્મ શરૂ થાય તે પહેલાં જ પ્રોડ્યુસર્સ અને ટીમને સ્પષ્ટપણે જણાવી દેવામાં આવે.'

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## જોકોવિચની લોસ એન્જલસ ૨૦૨૮ ઓલિમ્પિક પર નજર ટાઈટલ બચાવશે



ઈન્ડિયન વેલ્સ | વિશ્વ ટેનિસના સર્વકાલીન મહાન ખેલાડીઓમાં જેની ગણના થાય છે તેવા નોવાક જોકોવિચે પોતાની નિવૃત્તિની અટકળો પર વિરામ મૂકતા એક મોટી જાહેરાત કરી છે. ૩૮ વર્ષની વયે પણ જોકોવિચના ઈરાદા લોખંડી છે અને તેમણે લોસ એન્જલસ ૨૦૨૮ ઓલિમ્પિકમાં પોતાના ગોલ્ડ મેડલનું રક્ષણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જો ૨૦૨૮માં જોકોવિચ મેદાનમાં ઉતરશે, તો તેઓ ૪૧ વર્ષની વયે ઓલિમ્પિક રમનાર દુર્લભ ખેલાડી બનશે. ઈન્ડિયન વેલ્સમાં બીજા રાઉન્ડની જીત બાદ જોકોવિચે પત્રકારો સાથે વાતચીત કરી હતી. તેમણે પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકમાં કાર્લોસ અલ્કારાઝને હરાવીને મેળવેલા ગોલ્ડ મેડલને પોતાની કારકિર્દીની સૌથી મોટી રમતગમતની સફળતા ગણાવી હતી. જોકોવિચે સ્વીકાર્યું હતું કે ૨૦૨૮ હજુ ઘણું દૂર છે અને તેમની ઉંમરે દર વર્ષ એક લાંબા ગાળા જેવું લાગે છે, પરંતુ ઓલિમ્પિકમાં રમવું એ તેમનું મુખ્ય પ્રેરકબળ અને લાંબા ગાળાનું લક્ષ્ય છે. અત્યાર સુધી ટેનિસના ઈતિહાસમાં માત્ર એન્ડી મરે જ એવો ખેલાડી છે જેણે સફળતાપૂર્વક ઓલિમ્પિક સિંગલ્સમાં ગોલ્ડ મેડલ જાળવી રાખ્યો છે. ૨૪ ગ્રાન્ડ સ્લેમ વિજેતા જોકોવિચ હવે મરેના આ રેકોર્ડની બરાબરી કરવા માંગે છે. નોંધનીય છે કે જોકોવિચે ૨૦૦૮ બેઈજિંગ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો અને લાંબી પ્રતીક્ષા બાદ ૨૦૨૪માં તેમનું સુવર્ણ સ્વપ્ન સાકાર થયું હતું.

## બ્રુકલિન નેટ્સની ડેટ્રોઈટ પિસ્ટન્સ સામે જીત ૧૦ મેચની હારનો અંત

ડેટ્રોઈટ | NBA (નેશનલ બાસ્કેટબોલ એસોસિએશન) માં શનિવારે રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં બ્રુકલિન નેટ્સે અદભૂત વળતી લડત આપીને ડેટ્રોઈટ પિસ્ટન્સને ૧૦૭-૧૦૫ થી પરાજય આપ્યો છે. આ જીત સાથે જ નેટ્સે સતત ૧૦ મેચોથી ચાલી આવતા હારના સિલસિલાનો અંત આણ્યો છે. એક સમયે ૨૩ પોઈન્ટથી પાછળ હોવા છતાં, માઈકલ પોર્ટર જુનિયરના ૩૦ પોઈન્ટ અને ૧૩ રિબાઉન્ડ્સના શાનદાર પ્રદર્શનને જોરે બ્રુકલિન નેટ્સે અશક્ય લાગતી જીત હાંસલ કરી છે. મેચના અંતિમ તબક્કામાં બ્રુકલિન નેટ્સે ૧૮-૬ નો રન બનાવીને રમતનું પાસું પલટી નાખ્યું હતું. માઈકલ પોર્ટર ઉપરાંત ઝાયર વિલિયમ્સે ૨૩ પોઈન્ટ અને નોહ ક્લોનીએ ૧૬ પોઈન્ટનું યોગદાન આપી ટીમને જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ડેટ્રોઈટ પિસ્ટન્સ તરફથી ટોબિઆસ હેરિસે ૧૮ પોઈન્ટ કર્યા હતા, પરંતુ અંતિમ સેકન્ડોમાં ડંકન રોબિન્સન થ્રી-પોઈન્ટર ચૂકતા પિસ્ટન્સે સતત ત્રીજી હાર સહન કરવી પડી હતી. પિસ્ટન્સની ટીમ તેમના સ્ટાર ખેલાડી કેડ કનિંગહામ વિના મેદાનમાં ઉતરી હતી.

એલેક્સ પરેરાએ ટાઈટલ છોડ્યું છે

## UFC 327 પ્રોખાઝકા અને ઉલબર્ગ વચ્ચે જંગ ટાઈટલ માટે ટક્કર

મિયામી | માર્શલ આર્ટ્સની દુનિયામાં અત્યારે સૌથી ચર્ચિત એવી UFCના ચાહકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. UFC CEO ડેના વ્હાઈટ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ૧૧ એપ્રિલના રોજ મિયામીમાં યોજાનારી UFC 327 ના મેઈન ઈવેન્ટમાં જીરી પ્રોખાઝકા અને કાર્લોસ ઉલબર્ગ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. એલેક્સ પરેરાએ લાઈટ હેવીવેઈટ ટાઈટલ ખાલી કર્યા બાદ હવે આ બે દિગ્ગજ ફાઈટરો નવા ચેમ્પિયન બનવા માટે આમને સામને ટકરાશે. જીરી પ્રોખાઝકા અગાઉ જૂન ૨૦૨૨ માં ગ્લોવર ટેક્સેરાને હરાવીને ચેમ્પિયન બન્યો હતો. જોકે, ત્યારબાદ તેને એલેક્સ પરેરા સામે બે વખત હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ ગયા વર્ષે પ્રોખાઝકાએ જમહાલ હિલ અને ખલીલ રાઉન્ટ્રી જુનિયર સામે શાનદાર નોકઆઉટ જીત મેળવીને રેન્કિંગમાં પોતાનું સર્વોચ્ચ સ્થાન જાળવી રાખ્યું છે.



ભારતીય મહિલા ટીમનો પરાજય બેટિંગ લાઇનઅપ નિષ્ફળ

# ઓસ્ટ્રેલિયા ભારત મહિલા ટેસ્ટ, કાંગારૂ ટીમનો વિજય

(એજન્સી) પર્થ । તા. 08

ઓસ્ટ્રેલિયાની ધરતી પર રમાયેલી એકમાત્ર ડે-નાઈટ ટેસ્ટ મેચમાં ભારતીય મહિલા ટીમનો પરાજય થયો છે. પર્થના મેદાન પર રમાયેલી આ ઐતિહાસિક પિંક બોલ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયન ટીમે પોતાનું એકહથ્થુ શાસન જાળવી રાખતા ભારતને ૧૦ વિકેટે હરાવ્યું છે. આ મેચ ઓસ્ટ્રેલિયન સુકાની એલિસા હીલીની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની છેલ્લી મેચ હતી, અને તેમની ટીમે વિજય મેળવીને તેમને યાદગાર વિદાય આપી છે. ભારતની બીજી ઈનિંગ માત્ર ૧૪૯ રનમાં સમેટાઈ જતા ઓસ્ટ્રેલિયાને જીતવા માટે માત્ર ૨૫ રનનો નજીવો લક્ષ્યાંક મળ્યો હતો, જે તેમણે કોઈ પણ વિકેટ ગુમાવ્યા વિના હાંસલ કરી લીધો હતો.

મેચના ત્રીજા દિવસે ભારતની સ્થિતિ અત્યંત નબળી હતી. ભારતે ૧૦૫ રને ૬ વિકેટ ગુમાવીને દિવસની રમત શરૂ કરી હતી. પ્રતિકા રાવલે ૬૩ રનની લડાયક ઈનિંગ રમીને ભારતને સન્માનજનક સ્થિતિમાં લઈ જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અન્ય કોઈ બેટર લાંબો સમય ટકી શક્યા નહીં. સ્નેહ રાણાએ ૩૦ રનનું યોગદાન આપ્યું હતું, પરંતુ એશ ગાર્ડનરની ધારદાર બોલિંગ સામે મધ્યમ ક્રમ પત્તાના મહેલની જેમ ધરાશાયી થયો હતો. રાવલની અર્ધસદી છતાં ભારતીય ટીમ માત્ર ૨૪ રનની નજીવી સરસાઈ જ મેળવી શકી હતી.



ઓસ્ટ્રેલિયન સુકાની એલિસા હીલી માટે આ જીત ભાવુક ક્ષણ સમાન હતી. પોતાની અંતિમ ટેસ્ટ મેચમાં તેમણે જે રીતે નેતૃત્વ કર્યું તે પ્રશંસનીય હતું. જીતવા માટે જરૂરી ૨૫ રન ઓસ્ટ્રેલિયાની ઓપનિંગ જોડી જ્યોર્જિયા વોલ અને ફોબે લિચફિલ્ડે માત્ર ૪.૩ ઓવરમાં જ મેળવી લીધા હતા. એનાબેલ સધરલેન્ડને તેની શાનદાર બોલિંગ અને ફિલ્ડિંગ માટે 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, હીલીએ મેચ બાદ જણાવ્યું હતું કે ટીમ સાથે છેલ્લી વાર ગીત ગાવું અને જીત સાથે વિદાય લેવી એ તેમના માટે ગર્વની વાત છે.

ભારતીય સુકાની હરમનપ્રીત કૌરે મેચ બાદ નિરાશા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમે ટી૨૦ શ્રેણીમાં વિજય સાથે સારી શરૂઆત કરી હતી, પરંતુ વન-ડે અને ટેસ્ટ મેચમાં અમે તે લય જાળવી શક્યા નહીં. જોકે, ઓસ્ટ્રેલિયામાં સંપૂર્ણ શ્રેણી રમવી એ અમારા માટે સારો અનુભવ રહ્યો છે. પિંક બોલ ટેસ્ટનો પડકાર હંમેશા અલગ હોય છે અને અમારે અમારી ભૂલોમાંથી શીખવાની જરૂર છે." સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારતીય ટીમની ટેસ્ટ મેચોમાં સાતત્યનો અભાવ પરાજયનું મુખ્ય કારણ બન્યું છે.

આ હાર સાથે ભારતીય મહિલા ટીમનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ પૂર્ણ થયો છે. ભારતીય ખેલાડીઓએ કેટલાક વ્યક્તિગત દેખાવથી પ્રભાવિત કર્યા છે, પરંતુ એક ટીમ તરીકે ઓસ્ટ્રેલિયન પડકારને પહોંચી વળવામાં તેઓ ટૂંકા પડ્યા છે. ખાસ કરીને પ્રતિકા રાવલની ઈનિંગ આગામી સમય માટે ભારત માટે આશાનું કિરણ છે. બીજી તરફ, ઓસ્ટ્રેલિયન ટીમ હવે એલિસા હીલી વિનાના નવા યુગમાં પ્રવેશશે. મધ્ય પૂર્વમાં અન્ય રમતગમતની ગતિવિધિઓ વચ્ચે, મહિલા ક્રિકેટનો આ મુકાબલો રમતપ્રેમીઓ માટે રોમાંચક રહ્યો હતો.

# લિયોનેલ મેસીનો ૮૯૯મો ગોલ ઈન્ટર માયામીની શાનદાર જીત



(એજન્સી) વોશિંગ્ટન । તા. 08

વિશ્વ ફૂટબોલના સૌથી મહાન ખેલાડી ગણાતા લિયોનેલ મેસીએ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ તરફ ડગ માંડ્યું છે. અમેરિકાની મેજર લીગ સોકર (MLS) માં રમી રહેલા મેસીએ ડીસી યુનાઈટેડ સામેની મેચમાં શાનદાર પ્રદર્શન કરતા પોતાની કારકિર્દીનો ૮૯૯મો ગોલ નોંધાવ્યો છે. આ જીત સાથે ઈન્ટર માયામીની ટીમ ઈસ્ટર્ન કોન્ફરન્સ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. મેસી હવે તેના ૯૦૦મા પ્રોફેશનલ ગોલથી માત્ર એક કદમ દૂર છે, જે સમગ્ર રમત જગત માટે એક વિરલ ક્ષણ હશે.

બાલ્ટીમોરના એમએન્ડટી બેંક સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં મેસીની સાથે તેના સાથી ખેલાડીઓએ પણ આક્રમક રમત બતાવી હતી. મેચની ૧૭મી મિનિટે મેસીના આર્જેન્ટિના ટીમના સાથી રોડ્રિગો ડી પોલે પેનલ્ટી એરિયાની બહારથી શાનદાર શૂટ ફટકારીને માયામીને ૧-૦ થી લીડ અપાવી હતી. ત્યારબાદ ૨૭મી મિનિટે લિયોનેલ મેસીએ મેટેઓ સિલ્વેટ્ટીના પાસ પર ગોલકીપર સીન જોહ્ન્સનની ઉપરથી બોલને સુંદર રીતે પસાર કરીને સ્કોર ૨-૦ કરી દીધો હતો.

આઠ વખત બેલોન ડી ઓર જીતનાર લિયોનેલ મેસી આ જૂન મહિનામાં ૩૯ વર્ષના થશે, છતાં તેમની રમતની ધાર હજુ પણ અકબંધ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મેસીએ પોતાની અત્યાર સુધીની કારકિર્દીમાં બાર્સેલોના માટે ૬૭૨, પેરિસ સેન્ટ-જર્મન માટે ૩૨ અને આર્જેન્ટિનાની રાષ્ટ્રીય ટીમ માટે ૧૧૫ આંતરરાષ્ટ્રીય ગોલ કર્યા છે. માયામી માટે આ તેમનો ૮૦મો ગોલ હતો. મીડિયા અહેવાલ મુજબ, આ મેચના થોડા દિવસો પહેલા જ ઈન્ટર માયામીની ટીમે વ્હાઈટ હાઉસમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત પણ કરી હતી. બીજા હાફમાં ડીસી યુનાઈટેડે મેચમાં વાપસી કરવાના પ્રયાસો કર્યા હતા. ઈઝરાયેલના ફોરવર્ડ ખેલાડી તાઈ બેરીબોએ ૭૫મી મિનિટે ગોલ કરીને સ્કોર ૨-૧ કર્યો હતો, જેનાથી મેચમાં રોમાંચ વધ્યો હતો. જોકે, ઈન્ટર માયામીના ડિફેન્સે અંતિમ મિનિટો સુધી મક્કમતા જાળવી રાખી હતી અને ડીસી યુનાઈટેડને વધુ ગોલ કરવા દીધા નહોતા. આ વિજય સાથે માયામીએ સીઝનમાં પોતાની બીજી જીત નોંધાવી છે.

## અમેલિયા કેરનો 7 વિકેટનો ઐતિહાસિક રેકોર્ડ 44 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

ઝિમ્બાબ્વે સામે ન્યૂઝીલેન્ડની જીત થઈ છે હવે



(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ન્યૂઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન અમેલિયા કેરે રવિવારે ઝિમ્બાબ્વે સામે રમાયેલી બીજી વનડે મેચમાં બોલિંગમાં અસાધારણ પ્રદર્શન કરીને ૪૪ વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ ધ્વસ્ત કરી દીધો છે. ડ્યુનેડિનના યુનિવર્સિટી ઓવલ મેદાન પર રમાયેલી આ મેચમાં કેરે માત્ર ૩૪ રન આપીને ૭ વિકેટ ઝડપી હતી. આ શાનદાર દેખાવની મદદથી ન્યૂઝીલેન્ડે ઝિમ્બાબ્વેને ૮ વિકેટે હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦ થી અજેય સરસાઈ મેળવી લીધી છે.

અમેલિયા કેરે પોતાની સ્પેલ દરમિયાન જે પરાક્રમ કર્યું તે ન્યૂઝીલેન્ડના મહિલા ક્રિકેટ ઈતિહાસમાં અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. તેમણે જેકી લોર્ડ દ્વારા વર્ષ ૧૯૮૨ના વર્લ્ડ કપમાં ભારત સામે સ્થાપિત ૬/૧૦ ના રેકોર્ડને તોડી નાખ્યો છે. આ સાથે જ મહિલા વનડે ક્રિકેટમાં ૭ વિકેટ લેનારી તે વિશ્વની સાતમી બોલર બની ગઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ યાદીમાં પાકિસ્તાનની સજ્જિદા શાહ અને ઓસ્ટ્રેલિયાની એલિસ પેરી જેવા દિગ્ગજો સામેલ છે.મેચની વિગતો મુજબ, મોલી પેનફોલ્ડની (૩/૧૭) ધારદાર બોલિંગ બાદ અમેલિયા કેરે આક્રમણ સંભાળ્યું હતું. કેરે ઝિમ્બાબ્વેની બેટિંગ લાઈન-અપના કૂરચા બોલાવતા મોડેસ્ટર મુપાચિક્વા અને ચિદઝા ધુરુરુ સહિત સાત ખેલાડીઓને પેવેલિયન ભેગા કર્યા હતા. ઝિમ્બાબ્વેની આખી ટીમ માત્ર ૧૦૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, આસાન લક્ષ્યાંકનો પીછો કરતા ન્યૂઝીલેન્ડે માત્ર ૨ વિકેટ ગુમાવીને જીત હાંસલ કરી હતી, જેમાં કેપ્ટન કેરે બેટિંગમાં પણ કૌશલ્ય બતાવીને સર્વોચ્ચ ૪૫ રન કર્યા હતા.આ ૨૪ વર્ષીય ઓલરાઉન્ડર ખેલાડીએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તે શા માટે વિશ્વના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓમાંની એક ગણાય છે. કેરની આ સિદ્ધિ બાદ ન્યૂઝીલેન્ડ ક્રિકેટ જગતમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

ન્યૂઝીલેન્ડની સૌથી સફળ બોલર નિવૃત્ત થઈ

## લી તાહુહુની વનડે ક્રિકેટમાંથી નિવૃત્તિ પંદર વર્ષની સફરનો અંત



(એજન્સી) વેલિંગ્ટન । તા. 08

ન્યૂઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમના આક્રમક ઝડપી બોલર લી તાહુહુએ આજે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા પંદર વર્ષ લાંબી વનડે કારકિર્દીને વિરામ આપ્યો છે. વર્ષ ૨૦૧૧માં ૨૦ વર્ષની વયે ઓસ્ટ્રેલિયા સામે કારકિર્દીની શરૂઆત કરનાર તાહુહુએ વ્હાઈટ ફર્ન્સ (White Ferns) માટે સૌથી વધુ વિકેટ લેનાર બોલર તરીકે નિવૃત્તિ જાહેર કરી છે. આ દિગ્ગજ પ્લેયરે એકદિવસીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હોવા છતાં તેઓ ટૂંકા ફોર્મેટ એટલે કે ટી-૨૦ માં રમવાનું ચાલુ રાખશે.

ન્યૂઝીલેન્ડ ક્રિકેટના અધિકૃત અહેવાલ મુજબ, તાહુહુએ પોતાના દેશ માટે ૧૦૩ વનડે મેચ રમી છે, જેમાં તેમણે ૧૨૫ વિકેટ ઝડપીને ઓલ-ટાઈમ અગ્રણી સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓ ન્યૂઝીલેન્ડના એવા ૧૨ ખેલાડીઓમાં સામેલ છે જેમણે ૧૦૦થી વધુ વનડે મેચ રમવાની સિદ્ધિ મેળવી હોય. પોતાની કારકિર્દીના સુવર્ણકાળમાં તાહુહુ વિશ્વના સૌથી ઝડપી બોલર તરીકે ખ્યાતિ પામ્યા હતા અને વર્ષ ૨૦૨૩માં તેમને આઈસીસી (ICC) ની સર્વશ્રેષ્ઠ વનડે ટીમમાં સ્થાન મળ્યું હતું.

પોતાના નિવૃત્તિ નિવેદનમાં તાહુહુએ જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડની જર્સીમાં વનડે રમવી એ તેમના માટે હંમેશા ગૌરવની વાત રહી છે. તેમણે ઉમેર્યું કે, "દેશ અને મારા પરિવારનું ૧૦૦થી વધુ મેચોમાં પ્રતિનિધિત્વ કરવું તે એક એવું સપનું હતું જે મેં ક્યારેય જોયું નહોતું. હું વનડે ક્રિકેટના દરેક ક્ષણને યાદગાર માનું છું અને મેં જે કંઈ પણ હાંસલ કર્યું છે તેના પર મને ગર્વ છે."

ટેસ્ટ ક્રિકેટ અમર રહોનો નારો આપ્યો છે

## એલિસા હીલીની આં.રાષ્ટ્રીય ક્રિકેટમાંથી વિદાય



(એજન્સી) પર્થ । તા. 08

ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટના ઈતિહાસના સૌથી તેજસ્વી પ્રકરણોમાંનું એક આજે પર્થના વાકા ગ્રાઉન્ડ પર પૂર્ણ થયું છે. કાંગારુ ટીમની સુકાની અને દિગ્ગજ વિકેટકીપર-બેટર એલિસા હીલીએ ભારત સામેની એકમાત્ર ટેસ્ટમાં ૧૦ વિકેટે વિજય મેળવ્યા બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે. ૧૬ વર્ષની ઝળહળતી કારકિર્દીનો અંત લાવતા હીલીએ ભાવુક સ્વરે 'ટેસ્ટ ક્રિકેટ અમર રહો' નો નારો આપીને આ ફોર્મેટના મહત્વ પર ભાર મૂક્યો હતો. માત્ર ૨૫ રનના સાધારણ લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ માત્ર પાંચ ઓવરમાં જ જીત હાંસલ કરી હતી. જોર્જિયા વોલે સતત ત્રણ ચોગ્ગા ફટકારીને વિજયી રન નોંધાવ્યા હતા. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ મલ્ટી-ફોર્મેટ સીરીઝ ૧૨-૪ થી પોતાના નામે કરી લીધી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મેચ બાદ હીલીએ ટીમની પ્રશંસા કરતા કહ્યું કે ટી-૨૦ શ્રેણીની નિરાશા બાદ જે રીતે ખેલાડીઓએ વાપસી કરી છે તેના પર મને ગર્વ છે. પોતાના વિદાય ભાષણમાં ૩૫ વર્ષીય હીલીએ જણાવ્યું હતું કે વ્હાઈટ બોલ ક્રિકેટમાં બેટર્સને પોતાની ઈનિંગ્સ ઘડવાની પૂરતી તક મળતી નથી. ટેસ્ટ ક્રિકેટ યુવા ખેલાડીઓના કૌશલ્યના વિકાસ માટે અનિવાર્ય છે. હીલીએ આશા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં મહિલા ક્રિકેટમાં વધુ ટેસ્ટ મેચો રમાશે.

હોકી // સલીમા ટેટે કેપ્ટન ભારતીય ટીમ યુવા જોશ સાથે મેદાને

# મહિલા હોકી વર્લ્ડ કપ ક્વોલિફાયર ભારત માટે અંતિમ તક

(એજન્સી) કલબુર્ગી । તા. 08

ભારતીય મહિલા હોકી ટીમ માટે વર્ષ ૨૦૨૬ના એફઆઈએચ (FIH) વિશ્વકપમાં સ્થાન નિશ્ચિત કરવા માટે રવિવારથી હૈદરાબાદના જી.એમ.સી. બાલયોગી સ્ટેડિયમ ખાતે મરણિયો જંગ શરૂ થઈ રહ્યો છે. ૨૦૨૫ના એશિયા કપમાં રનર્સ-અપ રહીને સીધું ક્વોલિફિકેશન મેળવવામાં નિષ્ફળ રહ્યા બાદ, ભારત પાસે હવે ઘરઆંગણે આ અંતિમ તક છે. નવમી રેન્કિંગ ધરાવતી ભારતીય ટીમ આ ટુર્નામેન્ટમાં ઈંગ્લેન્ડ પછી બીજા ક્રમની સૌથી મજબૂત ટીમ ગણાય છે. હૈદરાબાદની કાળઝાળ ગરમી વચ્ચે રમાનારી આ ટુર્નામેન્ટમાં ભારતીય સુંદરીઓ વિશ્વકપની ટિકિટ મેળવવા માટે કોઈ કસર બાકી રાખવા માંગતી નથી.



ભારતીય ટીમ માટે આ ટુર્નામેન્ટ ખાસ છે કારણ કે મુખ્ય કોચ તરીકે પરત ફરેલા સજોર્ડ મરીનનો આ પ્રથમ સત્તાવાર કાર્યભાર છે. મરીને ટીમમાં આક્રમક રમત, ઝડપી કાઉન્ટર એટેક અને હાઈ-પ્રેસિંગ ગેમ પર ભાર મૂક્યો છે. આ વખતે ટીમમાં અનુભવી ખેલાડીઓની સાથે યુવા પ્રતિભાઓ જેવી કે બંસરી સોલંકી, સાક્ષી રાણા, અન્નુ, ઈશિકા અને દીપિકા સોરેંગ પર મોટો ભરોસો મૂકવામાં આવ્યો છે. જોકે, દિગ્ગજ ગોલકીપર સવિતા પુનિયા અંગત કારણોસર અને ફોરવર્ડ સંગીતા કુમારીની ગેરહાજરી ભારત માટે ચિંતાનો વિષય બની શકે છે. સુશીલા ચાનુ અને નિક્કી પ્રધાન જેવી અનુભવી ખેલાડીઓ હોવા છતાં, ભારતની ડિફેન્સ લાઈન, ખાસ કરીને પેનલ્ટી કોર્નર બચાવવાની ક્ષમતા હજુ પણ નબળી કડી સાબિત થઈ રહી છે. સુકાની સલીમા ટેટેએ પણ સ્વીકાર્યું છે કે ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલા આ પાસા પર સખત મહેનત કરવામાં આવી છે. હૈદરાબાદ હોકી ટુર્નામેન્ટ તૈયારી સંદર્ભે સલીમાએ જણાવ્યું કે ટીમ માનસિક અને શારીરિક રીતે સજ્જ છે અને ઘરઆંગણે દર્શકોનો ટેકો તેમને વધુ પ્રોત્સાહન પૂરું પાડશે. હૈદરાબાદમાં અત્યારે તાપમાન ૩૪ ડિગ્રી સેલ્સિયસની આસપાસ છે, જે વિદેશી ટીમો માટે મોટો પડકાર છે. વેલ્સ જેવી ટીમોએ ગરમીમાં રમવા માટે અનુકૂળ થવા માટે ખાસ 'સોના સેશન્સ'નો સહારો લીધો છે. વેલ્સની કેપ્ટન એલિઝાબેથ બિંગહામના મતે, ભારત સાથેના ગ્રુપમાં હોવાને કારણે તેમની મોટાભાગની મેચો સાંજની છે, જે તેમના માટે થોડી રાહતરૂપ છે.

ભારતીય ટેનિસનો નવો ચહેરો ઉભરી રહ્યો છે હવે

## વૈષ્ણવી અડકરની કલબુર્ગીમાં જીત અંકિતા રૈનાને હરાવી



(એજન્સી) કલબુર્ગી । તા. 08

ભારતીય મહિલા ટેનિસમાં અત્યારે સૌથી આશાસ્પદ નામ બની ગયેલી વૈષ્ણવી અડકરે રવિવારે કર્ણાટકના કલબુર્ગીમાં રમાયેલી W35 ITF ટુર્નામેન્ટમાં વિજયી કૂચ જાળવી રાખી છે. એક રોમાંચક ફાઈનલ મુકાબલામાં વૈષ્ણવીએ દેશની અનુભવી ખેલાડી અંકિતા રૈનાને હરાવીને પોતાની કારકિર્દીનું બીજું અને અત્યાર સુધીનું સૌથી મોટું ટાઈટલ જીતી લીધું છે. આ જીત સાથે જ વૈષ્ણવી વિશ્વ રેન્કિંગમાં ટોપ ૪૦૦ માં સ્થાન મેળવવા માટે તૈયાર છે. બે કલાક અને ૧૪ મિનિટ સુધી ચાલેલી આ ફાઈનલમાં ૩૩ વર્ષીય અંકિતા રૈના અને તેનાથી ૧૨ વર્ષ નાની વૈષ્ણવી વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. વૈષ્ણવીએ શાનદાર રમત બતાવતા અંકિતાને ૭-૬(૩), ૬-૪ થી પરાજય આપ્યો હતો. નોંધનીય છે કે આ જોડીએ એક દિવસ પહેલા જ ડબલ્સનું ટાઈટલ પણ પોતાના નામે કર્યું હતું. વિજય બાદ વૈષ્ણવીએ જણાવ્યું હતું કે, "બાળપણથી હું અંકિતાને ઉચ્ચ સ્તરે રમતા જોતી આવી છું, તેમની સાથે રમવું અને ફાઈનલમાં જીતવું એ મારા માટે મોટી વાત છે."

કલબુર્ગીમાં મેળવેલી આ જીતથી વૈષ્ણવીને ૩૦,૦૦૦ અમેરિકી ડોલરની ઈનામી રકમ અને ૩૫ મહત્વપૂર્ણ રેન્કિંગ પોઈન્ટ્સ મળ્યા છે. હાલમાં ૪૬૪મા ક્રમે રહેલી વૈષ્ણવી હવે રેન્કિંગમાં મોટો ઉછાળો મારીને પ્રથમ વખત ટોપ ૪૦૦ માં પ્રવેશ કરશે.

## મોટી ઉથલપાથલ: મહાભિયોગમાં ચલાવવામાં શાસક પક્ષ સમર્થન આપી શકે

# ભારત ચીન સંબંધો સુધારો ડ્રેગનના બદલાયા સૂર

(એજન્સી) બીજિંગ । તા. 08

મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા ભીષણ યુદ્ધ અને બદલાતા વૈશ્વિક સમીકરણો વચ્ચે ચીનના વલણમાં મોટો પલટો જોવા મળ્યો છે. વિશ્વના રાજકીય ફલક પર એકલા પડી રહેલા ચીને હવે ભારત સાથેના વર્ષો જૂના મડાગાંઠને ઉકેલવા માટે મૈત્રીનો હાથ લંબાવ્યો છે. બીજિંગમાં યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય પત્રકાર પરિષદમાં ચીની વિદેશ મંત્રી વાંગ યી એ ભારત અને ચીન વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાની હિમાયત કરી છે. તેમણે સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે ભારત એ ચીનનો પ્રતિસ્પર્ધી કે હરીફ નથી, પરંતુ વિકાસના પથ પર ચાલનારો એક મહત્વનો ભાગીદાર છે.

ચીની વિદેશ મંત્રીએ પોતાના સંબોધનમાં ભારત સાથેના ઊંડા સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે બંને રાષ્ટ્રો 'ગ્લોબલ સાઉથ' ના અગ્રણી સભ્યો છે અને જો બંને વચ્ચે પરસ્પર વિશ્વાસ વધશે, તો જ એશિયાનું પુનરુત્થાન શક્ય બનશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ચીન હવે સમજવા લાગ્યું છે કે ભારત સાથેના ટકરાવથી માત્ર આર્થિક નુકસાન જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે રણનીતિક નુકસાન પણ વેઠવું પડી રહ્યું છે. વાંગ યી એ ભારપૂર્વક કહ્યું કે પરસ્પર સંવાદ અને સમજૂતી જ આગળ વધવાનો એકમાત્ર રસ્તો છે.

### મોદી-જિનપિંગ મુલાકાતની ફળશ્રુતિ

ગયા વર્ષે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે થયેલી ઐતિહાસિક મુલાકાતને યાદ કરતા વાંગ યી એ જણાવ્યું કે તે બેઠક સંબંધોમાં વળાંક સમાન સાબિત થઈ છે. તે મુલાકાત બાદ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો છે અને તે અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, વિવિધ સ્તરે સૈન્ય અને રાજદ્વારી વાટાઘાટોમાં પણ ગતિ આવી છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે સંબંધો હવે ધીરે ધીરે



સામાન્ય પટરી પર પરત ફરી રહ્યા છે.

વાંગ યી એ ભારત સાથેના સંબંધોને ગાઢ બનાવવા માટે ચાર મહત્વના મુદ્દાઓ પર ભાર મૂક્યો છે. પ્રથમ, બંને દેશોએ એકબીજાને ખતરો માનવાને બદલે વિકાસના 'અવસર' તરીકે જોવા જોઈએ. બીજું, પૂર્વી લદ્દાખ સહિતના સીમાવર્તી વિસ્તારોમાં કાયમી શાંતિ અને સ્થિરતા જાળવવી અનિવાર્ય છે. ત્રીજું, એશિયાના સર્વાંગી વિકાસ માટે પરસ્પર વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવું અને ચોથું, આર્થિક સહયોગને જ સામૂહિક પાયો ગણીને આગળ વધવું. આ ચાર મુદ્દાઓ દ્વારા ચીન એ સંદેશ આપવા માંગે છે કે તે હવે સરહદના મુદ્દાને બાજુ પર રાખીને આર્થિક સહયોગ વધારવા આતુર છે.

રાજકીય નિષ્ણાતોના મતે, ચીનના આ બદલાયેલા સૂર પાછળ પશ્ચિમી દેશોનું, ખાસ કરીને અમેરિકાનું દબાણ મુખ્ય કારણ છે. અમેરિકાએ વેનેઝુએલા અને ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાદીને ચીનના તેલ પુરવઠા અને આર્થિક હિતોને જોખમમાં મૂક્યા છે. આ આંતરરાષ્ટ્રીય ઘેરાબંધીમાંથી બહાર આવવા માટે ચીનને ભારત અને રશિયા જેવા મજબૂત પડોશીઓની જરૂર છે. ખાસ કરીને બ્રિક્સ (BRICS) જેવા સંગઠનોમાં ભારતની વધતી ભૂમિકાને જોતા ચીન ભારતને નારાજ કરવાનું જોખમ ઉઠાવી શકે તેમ નથી. ભારત માટે ચીનનો આ બદલાયેલો અભિગમ સાવચેતી સાથે આવકારદાયક છે.

## ઓઈલ સ્ટોરેજ પર ભીષણ હુમલો થતા હાહાકાર

# ઈરાન-US ઈઝરાયલ યુદ્ધ હજી છ મહિના સુધી ખેંચાશે

(એજન્સી) તેહરાન । તા. 08

પશ્ચિમ એશિયામાં લાંબા સમયથી ચાલી રહેલો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેના પ્રહાર-પ્રતિપ્રહારને કારણે સમગ્ર મિડલ ઈસ્ટમાં ભયાનક સંકટની સ્થિતિ પેદા થઈ છે. રવિવારે ઈરાન દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાતે વિશ્વભરની ચિંતામાં વધારો કર્યો છે. ઈરાને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે તેઓ આગામી છ મહિના સુધી અમેરિકા અને ઈઝરાયલની સંયુક્ત તાકાતને હંફાવવા અને યુદ્ધ લંબાવવા માટે સંપૂર્ણ સજ્જ છે. શત્રુ દેશના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પાયમાલ કરવાના ઈરાદે ઈઝરાયલી સેનાએ ઈરાનના વ્યૂહાત્મક તેલ સ્ટોરેજ સાઈટ્સ પર ભીષણ બોમ્બમારો કર્યો છે. શનિવારે મોડી રાત્રે રાજધાની તેહરાન અને નજીકના કરજ શહેરમાં આકાશને ચીરી નાખતા વિસ્ફોટો સંભળાયા હતા. આ હુમલામાં અનેક ફ્યૂલ સ્ટોરેજ કોમ્પ્લેક્સ રાખમાં ફેરવાઈ ગયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા દ્રશ્યોમાં તેહરાન અને અલ્બોર્જ પ્રાંતમાં લાગેલી આગ અને ધુમાડાના ગોટેગોટા સ્પષ્ટ જોઈ શકાય છે. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ દાવો કર્યો છે કે ઈરાન માટે હજી ઘણા આશ્ચર્યજનક હુમલાઓ બાકી છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ એ આ હુમલા બાદ હાર માનવાને બદલે વળતો હુંકાર કર્યો છે.

### વૈશ્વિક અર્થતંત્ર પર લટકતી તલવાર

આ યુદ્ધ લાંબુ ચાલવાના સંકેતોને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધવાની દહેશત વર્તાઈ રહી છે. જે રીતે ઈરાનના એનર્જી સેક્ટરને નિશાન બનાવવામાં આવ્યું છે, તેનાથી વૈશ્વિક સ્તરે ઈંધણ પુરવઠો ખોરવાઈ શકે છે. હાલના તબક્કે શાંતિની કોઈ જ શક્યતા દેખાતી નથી, અને બંને પક્ષો એકબીજાના સૈન્ય તેમજ આર્થિક થાણાઓને ધ્વસ્ત કરવા માટે મક્કમ દેખાઈ રહ્યા છે.

## ન્યૂઝ બ્રીફ

### ઈરાનમાં ભયાનક આંતરિક ડખો સત્તા અને સૈન્ય આમને સામને



તેહરાન | મધ્ય-પૂર્વના યુદ્ધના મેદાનમાં ઈરાન અત્યારે બે મોરચે લડી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. એક તરફ બહાર દુશ્મનો સામે જંગ છે, તો બીજી તરફ ઈરાનના શાસક વર્ગમાં ભયાનક આંતરિક ડખો સપાટી પર આવ્યો છે. રાષ્ટ્રપતિ મસુદ પેજેશકિયાન દ્વારા અખાતી દેશોની માફી માંગવામાં આવતા ઈરાનની સેના અને કટ્ટરપંથી નેતાઓ લાલઘૂમ થયા છે. આ વિવાદ એટલો વકર્યો છે કે રાષ્ટ્રપતિના આદેશની અવગણના કરીને સૈન્યએ પાડોશી દેશો પર હુમલા તેજ કરી દીધા છે. રાષ્ટ્રપતિ પેજેશકિયાને પડોશી દેશોની માફી માંગતા વિનંતી કરી હતી કે તેઓ અમેરિકી-ઈઝરાયલી હુમલામાં પક્ષકાર ન બને. જોકે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ નિવેદનને ઈરાનનું 'આત્મસમર્પણ' ગણાવીને આગમાં ઘી હોમ્યું છે. ટ્રમ્પે ચેતવણી આપી છે કે શનિવારે અત્યાર સુધીના સૌથી કડક પ્રહાર કરવામાં આવશે.

### ઈરાન યુદ્ધ અને વૈશ્વિક મહામંદી દુનિયામાં હાહાકાર મચશે



નવી દિલ્હી | મધ્ય-પૂર્વમાં ચાલી રહેલો લોહિયાળ સંઘર્ષ હવે માત્ર સીમાઓ પૂરતો મર્યાદિત નથી રહ્યો, પરંતુ તે સમગ્ર વિશ્વને આર્થિક વિનાશ તરફ ધકેલી રહ્યો છે. સ્કોટલેન્ડની પ્રતિષ્ઠિત સંસ્થા વૂડ મેકેન્ઝીના તાજેતરના અહેવાલે વિશ્વના નેતાઓની ઊંઘ હરામ કરી દીધી છે. જો ઈરાન યુદ્ધ આગામી ૭ દિવસ સુધી ચાલુ રહેશે, તો વિશ્વ ૧૯૨૯ જેવી 'ગ્રેટ ડિપ્રેશન' એટલે કે ભયાનક મહામંદીના ઉંબરે આવીને ઊભું રહેશે. આ આર્થિક સુનામીની અસર ભારત સહિત વિશ્વના ૧૬ મોટા દેશો પર સીધી રીતે પડવાનો દાવો કરવામાં આવ્યો છે. રિપોર્ટની સૌથી ડરામણી વાત એ છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત ૨૦૦ ડોલર પ્રતિ બેરલને પાર કરી શકે છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં જો ગતિરોધ સર્જાય, તો તેલનો પુરવઠો ખોરવાશે, જે ૧૯૭૦ના દાયકાના ઉર્જા સંકટ કરતાં પણ વધુ ભયાનક હશે. આ સાથે જ વિશ્વનો ૨૦% એલએનજી સપ્લાય પણ આ જ માર્ગે થતો હોવાથી એશિયા અને યુરોપમાં ગેસના ભાવ ૧૩૦% સુધી વધી શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ સ્થિતિમાં વૈશ્વિક જીડીપી વિકાસ દર ૨% થી નીચે જઈ શકે છે, જે સત્તાવાર રીતે મંદીની ઘોષણા સમાન હશે. નિષ્ણાતો જે મંદીની સરખામણી કરી રહ્યા છે, તે આધુનિક ઈતિહાસનો સૌથી કાળો તબક્કો હતો.

## મધ્ય પૂર્વમાં પરમાણુ તણાવ વચ્ચે ગુપ્તચર એજન્સીઓ સતર્ક

# રશિયાની ગુપ્ત મદદથી ખળભળાટ, ડોનાલ્ડ ટ્રમ્પ પુતિન સંદેશ ઈરાનને મદદ રોકો

(એજન્સી) વોશિંગ્ટન/મોસ્કો । તા. 08

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં હવે મહાસત્તાઓ સામસામે આવી ગઈ હોય તેવા ચિંતાજનક દ્રશ્યો સર્જાઈ રહ્યા છે. રશિયા દ્વારા ઈરાનને અત્યંત સંવેદનશીલ અને ગુપ્ત 'ટાર્ગેટિંગ' માહિતી પૂરી પાડવામાં આવતી હોવાના અહેવાલોથી અમેરિકી વહીવટી તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. અમેરિકાનો દાવો છે કે આ માહિતીના આધારે ઈરાન મધ્ય પૂર્વમાં તૈનાત અમેરિકન સૈન્ય મથકો અને યુદ્ધ જહાજોને નિશાન બનાવી શકે છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રે મોસ્કોને તાત્કાલિક અસરથી સંદેશ મોકલીને ઈરાનને સહાય કરવાનું બંધ કરવા કડક સૂચના આપી છે.

### સીક્રેટ ઈન્ટેલિજન્સથી અમેરિકાની ઉંઘ ઉડી

તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, રશિયા ભલે સીધી રીતે યુદ્ધમાં સામેલ ન હોય, પરંતુ પડદા પાછળ રહીને તે ઈરાનને લશ્કરી સહાય કરી રહ્યું છે. અમેરિકાના ખાસ દૂત સ્ટીવ વિટકોફ દ્વારા સત્તાવાર રીતે પુષ્ટિ કરવામાં આવી છે કે રશિયા ઈરાનને એવી ચોક્કસ વિગતો આપી રહ્યું છે જેનાથી તેહરાન આ ક્ષેત્રમાં યુએસ વાયુસેના અને નૌસેનાની અસ્કયામતો પર સચોટ હુમલો કરી શકે છે. વિટકોફે જણાવ્યું હતું કે, 'અમે રશિયાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે ઈરાનને ટાર્ગેટિંગ માહિતી કે અન્ય કોઈ પણ પ્રકારની ટેકનિકલ સહાય પૂરી પાડવી એ આગ સાથે રમવા જેવું છે.'

### ડોનાલ્ડ ટ્રમ્પનો આત્મવિશ્વાસ કે રાજદ્વારી દાવ?

સ્ટીવ વિટકોફ સાથેની પત્રકાર પરિષદમાં હાજર રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે આ પરિસ્થિતિ પર પોતાનો આગવો પ્રતિસાદ આપ્યો હતો. ટ્રમ્પે દાવો કર્યો હતો કે રશિયાની આ મદદ છતાં પણ યુદ્ધના મેદાનમાં ઈરાનને કોઈ મોટી લીડ મળી રહી નથી. ટ્રમ્પે વ્યંગાત્મક લહેજામાં કહ્યું કે, 'રશિયા ભલે ગમે તેટલી માહિતી આપે, પણ તેનાથી યુદ્ધના પરિણામોમાં કોઈ ખાસ



ફરક પડવાનો નથી. ગયા અઠવાડિયે ઈરાન સાથે જે થયું તે આખી દુનિયાએ જોયું છે. રશિયાના ડેટા છતાં પણ ઈરાનને પરાજયનો સ્વાદ ચાખવો પડી રહ્યો છે.' જોકે, નિષ્ણાતો આ નિવેદનને ટ્રમ્પની રશિયા પર દબાણ લાવવાની રણનીતિ તરીકે જોઈ રહ્યા છે.

### રશિયા-ઈરાન ગઠબંધનનું નવું પાસું

યુક્રેન સામેના ચાર વર્ષ લાંબા સંઘર્ષમાં મિસાઈલ અને ડ્રોનની તીવ્ર અછત અનુભવી રહેલા રશિયાએ હવે ઈરાન સાથે વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરી છે. બીજી તરફ, તેહરાન પણ આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ-થલગ પડી ગયું હોવાથી તેને રશિયા જેવા શક્તિશાળી મિત્રની જરૂર છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પુતિને ઈરાનના પ્રમુખ સાથે ફોન પર વાતચીત કરીને મધ્ય પૂર્વમાં વધી રહેલી હિંસા પર ચિંતા વ્યક્ત કરી હતી. જોકે, પુતિને શાંતિ અને રાજદ્વારી ઉકેલની વાત કરી હોવા છતાં, જમીની સ્તરે રશિયાનું વલણ અમેરિકા માટે ચિંતાનો વિષય બન્યું છે.

### વૈશ્વિક અર્થતંત્ર પર લટકતી તલવાર

જો મધ્ય પૂર્વનું આ યુદ્ધ હજુ વધુ સાત દિવસ ચાલશે, તો વિશ્વમાં ભયાનક મહામંદી આવવાની ચેતવણી અર્થશાસ્ત્રીઓ આપી રહ્યા છે. કાચા તેલના ભાવમાં અસહ્ય વધારો થવાને કારણે ભારત સહિત ૧૬ દેશોને સીધી આર્થિક અસર થવાની ભીતિ છે. રશિયા દ્વારા આપવામાં આવતી ટાર્ગેટિંગ માહિતી જો યુદ્ધ જહાજોને નુકસાન પહોંચાડે, તો દરિયાઈ વેપાર માર્ગો સંપૂર્ણપણે બંધ થઈ શકે છે. આ સંજોગોમાં એશિયા અને યુરોપ વચ્ચેનો પુરવઠો ખોરવાઈ જશે, જેના પરિણામે મોંઘવારી આસમાને પહોંચી શકે છે.

## નેપાળમાં સત્તા પરિવર્તન નક્કી છે હવે

# નેપાળમાં બાલેન્દ્ર શાહનો વિજય યુવા શક્તિનો પ્રચંડ હુંકાર



(એજન્સી) કાઠમાંડુ । તા. 08

નેપાળની સંસદીય ચૂંટણીના પરિણામોએ સમગ્ર દક્ષિણ એશિયાના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. જેન-ઝી પેઢીની પ્રથમ પસંદ ગણાતા ૩૫ વર્ષીય યુવા નેતા બાલેન્દ્ર શાહે નેપાળના રાજકારણના ભીષ્મ પિતામહ ગણાતા અને ચાર વખત વડાપ્રધાન રહી ચુકેલા ૭૪ વર્ષીય કેપી શર્મા ઓલીને કારમી પરાજય આપી છે. આ ઐતિહાસિક વિજય સાથે જ નેપાળમાં એક નવા યુગની શરૂઆત થઈ છે, જ્યાં યુવા લોકશાહીએ અનુભવી નેતૃત્વ પર પ્રભુત્વ મેળવ્યું છે.

ઝાપા બેઠક પર બાલેન્દ્ર શાહ અને કેપી ઓલી વચ્ચે ખરાખરીનો જંગ ખેલાયો હતો. અંતિમ પરિણામોમાં બાલેન્દ્ર શાહને કુલ ૬૮,૩૪૮ મત પ્રાપ્ત થયા છે, જ્યારે દિગ્ગજ નેતા ઓલી માત્ર ૧૮,૦૦૦ મતો પર જ સમેટાઈ ગયા હતા. આશરે ૫૦ હજાર મતોના તોતિંગ અંતરથી થયેલી આ હારે સાબિત કરી દીધું છે કે નેપાળની જનતા હવે પરિવર્તન માટે તત્પર છે. બાલેન્દ્ર શાહની રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP) એ માત્ર આ બેઠક જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં ભવ્ય દેખાવ કર્યો છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા અહેવાલ મુજબ, બાલેન્દ્ર શાહના પક્ષે અત્યાર સુધીના ૭૮ પરિણામોમાંથી ૬૨ બેઠકો પર કબજો જમાવી દીધો છે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે રાજધાની કાઠમાંડુની તમામ ૧૦ બેઠકો પર આરએસપીએ 'ક્લીન સ્વીપ' કરીને વિરોધીઓના સૂપડા સાફ કરી નાખ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નેપાળમાં સફળતાપૂર્વક લોકશાહી પ્રક્રિયા પૂર્ણ કરવા બદલ ત્યાંના નાગરિકો અને નવી સરકારને ટેલિફોનિક અભિનંદન પાઠવ્યા છે. ગયા વર્ષે જ્યારે કેપી ઓલી સરકારના નિર્ણયો સામે યુવા પેઢીએ આંદોલન છેડ્યું હતું, ત્યારે જ આ સત્તા પરિવર્તનના બીજ રોપાઈ ગયા હતા.

# અમેરિકામાં ભીષણ વાવાઝોડું ફૂંકાયું છના મોત નિપજ્યા

(એજન્સી) વોશિંગ્ટન । તા. 08

અમેરિકા પર અત્યારે કુદરતનો પ્રકોપ ઉતરી રહ્યો હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. દક્ષિણ મિશિગન વિસ્તારમાં ત્રાટકેલા શક્તિશાળી ટોર્નેડોએ ભારે વિનાશ વેર્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૬ લોકોના કરુણ મોત નિપજ્યા હોવાના અહેવાલ છે. વાવાઝોડાની તીવ્રતા એટલી ભયાનક હતી કે તેનાથી આશરે ૫૦ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. આ આકાશી આફતે હજારો પરિવારોને મુશ્કેલીમાં મુકી દીધા છે અને સમગ્ર વિસ્તારમાં જનજીવન વેરવિખેર કરી નાખ્યું છે.

સ્થાનિક સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વાવાઝોડું અંદાજે ૯૬ કિલોમીટર પ્રતિકલાકની પ્રચંડ ઝડપે ફૂંકાયું હતું. થીજી ગયેલા યુનિયન લેક પર સર્જાયેલા આ ટોર્નેડોએ જમીન પર ત્રાટકતાની સાથે જ મકાનોને પત્તાંની જેમ હવામાં ઉડાડ્યા



હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, શક્તિશાળી પવનને કારણે અનેક ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ હતી અને મોટા વૃક્ષો જડમૂળથી ઉખડી ગયા હતા. આ કુદરતી તાંડવમાં ૧૨થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મિશિગનના ગવર્નરે શુક્રવારથી જ 'સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર' ને સક્રિય કરી દીધું છે.

# મિડલ ઈસ્ટમાં તેલ ઉત્પાદન ઘટાડવાનો નિર્ણય દુનિયા ચિંતિત

કુવૈત સિટી/તેહરાન । મિડલ ઈસ્ટમાં ચાલી રહેલું ભીષણ યુદ્ધ હવે વૈશ્વિક અર્થતંત્રના પાયા હચમચાવી રહ્યું છે. કતાર બાદ હવે કુવૈતે પણ કાચા તેલના ઉત્પાદનમાં મોટો કાપ મૂકવાની જાહેરાત કરતા સમગ્ર વિશ્વમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશન (KPC) દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય હોર્મુઝ સ્ટ્રેટ જેવા મહત્વના દરિયાઈ માર્ગો પર વધતા સુરક્ષા જોખમો અને ઈરાન-અમેરિકા વચ્ચેના સીધા સંઘર્ષનું પરિણામ છે. આ કવાયતથી વૈશ્વિક ઉર્જા પુરવઠો ખોરવાવાની પૂરેપૂરી શક્યતા છે. ઈરાની સેનાએ અમેરિકા અને ઈઝરાયલના સંરક્ષણ કવચમાં મોટું ગાબડું પાડ્યું છે. ઈરાનનો દાવો છે કે તેમણે ડ્રોન અને મિસાઈલ હુમલાઓ દ્વારા દુશ્મન દેશોના સાત અત્યાધુનિક રડાર સિસ્ટમને ધ્વસ્ત કરી દીધી છે, જેનાથી અમેરિકા અને ઈઝરાયલની ડિફેન્સ શક્તિ નબળી પડી છે.

# યુદ્ધમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ અમેરિકાનો કહેર

### આધુનિક યુદ્ધ ટેકનોલોજી લાવી મોટું પરિવર્તન

(એજન્સી) વોશિંગ્ટન । તા. 08

આધુનિક રણભૂમિ પર હવે માત્ર માનવ બુદ્ધિ નહીં, પરંતુ કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નિર્ણાયક સાબિત થઈ રહી છે. ઈરાન સામેના વર્તમાન સંઘર્ષમાં અમેરિકાએ આ ટેકનોલોજીનો ઘાતક ઉપયોગ કરીને વિશ્વને ચોંકાવી દીધું છે. યુદ્ધના પ્રારંભિક માત્ર ૧૨ કલાકના ટૂંકા ગાળામાં અમેરિકાએ મિસાઈલો દ્વારા ૯૦૦થી વધુ સચોટ હુમલા કર્યા છે. આ સ્તરની ઝડપ અને ચોકસાઈ પાછળ પેન્ટાગોનની અત્યંત જટિલ એઆઈ સિસ્ટમ્સ કાર્યરત હોવાનું સામે આવ્યું છે. અમેરિકી સેનાની મુખ્ય સિસ્ટમ 'મેવન' એ સેટેલાઈટ તસવીરો અને ડ્રોન ફૂટેજનું ગહન વિશ્લેષણ કરીને હુમલા માટે ૧૦૦૦થી વધુ સંભવિત વિકલ્પો તૈયાર કર્યા હતા. જે કામગીરી કરતા પૂર્વે પત્રકારો અને લશ્કરી વિશ્લેષકોને કલાકો લાગતા હતા, તે હવે સેકન્ડોમાં પૂર્ણ થઈ રહી છે. પેલેન્ટીર ટેકનોલોજી દ્વારા વિકસિત આ સિસ્ટમ દુશ્મનના વાહનો, હથિયારો અને ઈમારતોને પલકવારમાં ઓળખીને તેને ટ્રેક કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત 'ગોથમ' નામની સિસ્ટમ ડેટા આધારિત નિર્ણયો લેવામાં મદદ કરીને આતંકવાદી નેટવર્કને પાયમાલ કરી રહી છે. યુદ્ધક્ષેત્રમાં હવે માનવ સંચાલિત વિમાનોની જગ્યાએ 'હાઈવમાઈન્ડ' એઆઈ લઈ રહી છે, જે માનવ નિયંત્રણ વિના ડ્રોન અને આર્મી પ્લેન ચલાવવા સક્ષમ છે. આ ટેકનોલોજી એકસાથે અનેક ડ્રોનને નિયંત્રિત કરીને 'ડ્રોન સ્વોર્મ' એટલે કે ડ્રોનનું ટોળું બનાવી શકે છે, જે દુશ્મન પર અવિરત નજર રાખવા અને અચાનક હુમલા કરવા માટે અત્યંત ઉપયોગી નીવડે છે.

**સુનામી** | વિખ્યાત વાયરોલોજિસ્ટની ચેતવણી આપી છે, મેટાબોલિક રોગોનું જોખમ વધી રહ્યું છે હવે

# સ્થૂળતા અને ડાયાબિટિસની મહામારી વિશ્વમાં સુનામી લાવશે

(એજન્સી) વોશિંગ્ટન । તા. 08

વિશ્વ અત્યારે કોઈ અજાણ્યા વાયરસ સામે લડવાની તૈયારી કરી રહ્યું છે, પરંતુ વાસ્તવિક ખતરો કંઈક જુદો જ છે. ઈબોલા અને એચઆઈવી સામેની જંગમાં પાયાની ભૂમિકા ભજવનાર વિશ્વવિખ્યાત વાયરોલોજિસ્ટ પીટર પાયટે એક ગંભીર ચેતવણી આપી છે. તેમના મતે, આગામી દિવસોમાં માનવજાત માટે સૌથી મોટું સ્વાસ્થ્ય સંકટ કોઈ સંક્રામક વાયરસ નહીં, પરંતુ સ્થૂળતા અને ડાયાબિટિસની સુનામી હશે. બાયોએશિયા સંમેલનમાં બોલતા તેમણે મેટાબોલિક રોગોના આ વિસ્ફોટ સામે વિશ્વને સજાગ રહેવા અપીલ કરી છે.

પીટર પાયટના મતે, કોવિડકાળ બાદ વિશ્વ ટેકનોલોજીની દ્રષ્ટિએ વધુ સજ્જ બન્યું છે અને રેકોર્ડ સમયમાં વેક્સિન બનાવીને વિજ્ઞાને પોતાની ક્ષમતા સાબિત કરી છે. જોકે, તેમણે ભાર મૂક્યો કે નિયમનકારી વિલંબ હજુ પણ એક મોટો અવરોધ છે. ભારત જેવા દેશમાં ક્લિનિકલ ટ્રાયલની મંજૂરી માટે



અનેક મહિનાઓ વીતી જાય છે, જે ચીન જેવા દેશોની સરખામણીએ ઘણો ધીમો દર છે. આ સાથે જ યુરોપ અને અમેરિકામાં સરકારો અને વિજ્ઞાન પ્રત્યે ઘટતો અવિશ્વાસ જાહેર આરોગ્ય માટે નવી મુશ્કેલીઓ ઉભી કરી રહ્યો છે.

### ભારત માટે ખતરાની ઘંટડી

મેડિકલ જર્નલ 'ધી લેન્સેટ' ના અહેવાલને ટાંકીને નિષ્ણાતોએ જણાવ્યું છે કે આ સદીનું સૌથી ગંભીર જોખમ મેટાબોલિક રોગો છે. ભારતમાં સ્થિતિ વધુ ચિંતાજનક છે, ખાસ કરીને કેરળ જેવા રાજ્યોમાં ૨૫ ટકા પુખ્તો ડાયાબિટિસનો શિકાર બની ચૂક્યા છે. જોકે, આગામી સમયમાં આ રોગોની દવાઓની પેટન્ટ સમાપ્ત થવાથી સારવાર સસ્તી થવાની આશા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારતે સસ્તી દવાઓના ઉત્પાદનમાં નામ કમાવ્યું છે, પરંતુ હવે માત્ર ઉત્પાદન જ નહીં, પણ સંશોધન અને ઈનોવેશન પર ભાર મૂકવો પડશે.

ચેતવણીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે આબોહવા પરિવર્તન પણ રોગોની પેટર્ન બદલી રહ્યું છે. વધતા તાપમાનને કારણે ડેન્ગ્યુ જેવી બીમારીઓ હવે ઠંડા પ્રદેશોમાં પણ ફેલાઈ રહી છે. ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ અને જીન થેરાપી જેવી ટેકનોલોજી આશાનું કિરણ છે, પરંતુ તે માટે મજબૂત આંતરરાષ્ટ્રીય સહયોગ અનિવાર્ય છે. મીડિયા અહેવાલ મુજબ, જો આપણે ધૂમ્રપાન અને ખરાબ જીવનશૈલી જેવા જોખમી પરિબળો ઘટાડીશું તો જ લાંબુ અને સ્વસ્થ જીવન શક્ય બનશે.

# ભારતને રશિયન ઓઈલ ખરીદીની છૂટ ટ્રમ્પનો મોટો નિર્ણય

(એજન્સી) વોશિંગ્ટન । તા. 08

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતજનક જાહેરાત કરી છે. રશિયા પર લદાયેલા પ્રતિબંધો વચ્ચે ભારતને રશિયન ઓઈલ ખરીદવા માટે અસ્થાયી રૂપે છૂટ આપવામાં આવી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણય કોઈ રાજકીય લવચીકતાને કારણે નહીં, પરંતુ વૈશ્વિક ઉર્જા બજારમાં વધી રહેલા અસહ્ય દબાણને નિયંત્રિત કરવા માટે લેવામાં આવ્યો છે. આ પગલાથી આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં સ્થિરતા આવવાની અપેક્ષા છે.ડોનાલ્ડ ટ્રમ્પે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં પ્રવર્તતા યુદ્ધના વાતાવરણ અને તેલના ભાવમાં સતત થઈ રહેલા વધારાને રોકવા માટે ભારતને આ છૂટ આપવી અનિવાર્ય હતી. ખાસ કરીને જે શિપમેન્ટ પહેલેથી જ રસ્તામાં છે, તેમાં કોઈ અવરોધ ન આવે અને ઓઈલનો પુરવઠો અચાનક ખોરવાય નહીં તે જોવાની જવાબદારી અમેરિકાની છે. 'એર ફોર્સ વન' માં મુસાફરી દરમિયાન ટ્રમ્પે ઉમેર્યું કે જો જરૂર જણાશે તો બજારનું દબાણ ઘટાડવા માટે તેઓ ભવિષ્યમાં વધુ કડક કે નરમ પગલાં લેતા અચકાશે નહીં.

અમેરિકી અધિકારી સ્કોટ બેસેન્ટે ભારતના વલણની પ્રશંસા કરતા જણાવ્યું કે આ સમગ્ર વિવાદમાં ભારતે એક 'બેહતરીન એક્ટર' તરીકેની જવાબદારી નિભાવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારતે અગાઉ અમેરિકાની વિનંતીને માન આપી રશિયન તેલની ખરીદીમાં ઘટાડો કર્યો હતો અને અમેરિકન તેલ તરફ વળવાની તૈયારી બતાવી હતી. આ સહયોગી વલણને ધ્યાનમાં રાખીને જ વર્તમાન કટોકટીમાં અમેરિકાએ ભારતને આ મોટી રાહત આપી છે.

# News Brief

## રાષ્ટ્રપતિનું અપમાન બંધારણનું અપમાન: એચડી કુમારસ્વામીના મમતા સરકાર પર પ્રહાર

નવી દિલ્હી: પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના પ્રોટોકોલ ભંગ અને સુરક્ષામાં ક્ષતિનો વિવાદ હવે રાષ્ટ્રીય સ્તરે વકર્યો છે. કેન્દ્રીય મંત્રી એચડી કુમારસ્વામીએ રવિવારે આ મામલે આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભારતના રાષ્ટ્રપતિનું અપમાન કરવું એ સીધું જ રાષ્ટ્રપતિનું અપમાન બંધારણનું અપમાન કરવા સમાન છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે રાષ્ટ્રપતિનું પદ દેશની સાર્વભૌમત્વ, એકતા અને ગરિમાનું પ્રતીક છે અને તે તમામ રાજકીય વિચારધારાઓથી ઉપર હોવું જોઈએ.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કુમારસ્વામીએ લખ્યું હતું કે, દેશની સર્વોચ્ચ બંધારણીય સત્તા પ્રત્યે દાખવવામાં આવતી કોઈ પણ પ્રકારની અસભ્યતા લોકશાહી સંસ્થાઓની ભાવનાને નબળી પાડે છે. 'મીડિયા અહેવાલ' અનુસાર, તેમણે ચેતવણી આપી હતી કે આ પ્રકારની ઘટનાઓ ભવિષ્ય માટે અત્યંત ચિંતાજનક ઉદાહરણ પૂરું પાડે છે. રાજકીય મતભેદો ગમે તેટલા હોય, પરંતુ બંધારણીય પદોનું સન્માન જળવાવું જ જોઈએ તેવું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.કુમારસ્વામીએ વધુમાં ઉમેર્યું કે, એક પુખ્ત લોકશાહીમાં તે દરેક સરકારની જવાબદારી છે, ભલે તે ગમે તે પક્ષની હોય, કે તેઓ એવી સંસ્થાઓની ગરિમા જાળવી રાખે જે આપણા બંધારણીય માળખાનું રક્ષણ કરે છે. 'સૂત્રો દ્વારા' મળતી વિગતો મુજબ, પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં આયોજિત આંતરરાષ્ટ્રીય સંથાલ સંમેલનમાં રાષ્ટ્રપતિએ પોતે અવ્યવસ્થા અને મુખ્યમંત્રી મમતા બેનર્જીની ગેરહાજરી અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

## ૩૩,૫૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ: પ્રધાનમંત્રી મોદીએ દિલ્હીને આપી મોટી ભેટ

નવી દિલ્હી: રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હાઉસિંગ સેક્ટરને નવી ઉંચાઈએ લઈ જવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે એક મોટું પગલું ભર્યું છે. પ્રધાનમંત્રીએ દિલ્હીમાં આશરે ૩૩,૫૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ નું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીનું ભવ્ય સન્માન પણ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, આ પ્રોજેક્ટ્સમાં સરકારી કર્મચારીઓ માટે આધુનિક આવાસો અને શહેરી સુવિધાઓના અપગ્રેડેશન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વિકાસ કાર્યોના લોકાર્પણ પૂર્વે, પ્રધાનમંત્રીએ સરોજિની નગર ખાતે નવનિર્મિત જીપીઆરએ (GPRA) Type-5 ક્વાર્ટર્સની મુલાકાત લીધી હતી. અહીં તેમણે વ્યક્તિગત રીતે મહિલા લાભાર્થીઓને તેમના નવા આધુનિક ફ્લેટ્સની ચાવીઓ સોંપી હતી. આ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ દિલ્હીની સાત જૂની સરકારી વસાહતો, જેવી કે સરોજિની નગર, નેતાજી નગર, નૌરોજી નગર, કસ્તુરબા નગર, ત્યાગરાજ નગર, શ્રીનિવાસપુરી અને મોહમ્મદપુરનો સમાવેશ થાય છે. આ વસાહતો ૫૩૭ એકર વિસ્તારમાં ફેલાયેલી છે.આ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા તેનું આર્થિક મોડેલ છે. ભારત સરકાર આ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ એક નવીન 'સેલ્ફ-ફાયનાન્સિંગ' મોડેલ દ્વારા પૂર્ણ કરી રહી છે, જેમાં જાહેર જનતાના ટેક્સના પૈસા કે સરકારી તિજોરીનો ઉપયોગ કરવામાં આવશે નહીં. 'સૂત્રો દ્વારા' મળતી માહિતી મુજબ, કુલ વિસ્તારના માત્ર ૧૨.૯ ટકા (આશરે ૬૯.૪૧ એકર) જમીનનું વ્યાપારી અને રહેણાંક ઉપયોગ માટે મોનેટાઈઝેશન કરવામાં આવશે.

## મુંબઈની હોસ્પિટલને બોમ્બની ધમકી: ઈમેલ દ્વારા ૪ વાગ્યે બ્લાસ્ટનો દાવો

મુંબઈ: દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ફરી એકવાર બોમ્બની ધમકીને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. મુંબઈની એક પ્રતિષ્ઠિત હોસ્પિટલને ઈમેલ દ્વારા મુંબઈની હોસ્પિટલને બોમ્બની ધમકી આપવામાં આવી છે, જેમાં આજે બપોરે ૪:૦૦ વાગ્યે હોસ્પિટલ પરિસરમાં "LED બ્લાસ્ટ" કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. આ ધમકીભર્યો ઈમેલ મળતા જ હોસ્પિટલ સ્ટાફ અને દર્દીઓમાં ભારે ગભરાટ ફેલાયો હતો. મુંબઈ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.'સૂત્રો દ્વારા' મળતી માહિતી મુજબ, આ ધમકીભર્યો ઈમેલ શનિવારે રાત્રે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ મોકલવામાં આવ્યો હતો. ઈમેલ મોકલનાર વ્યક્તિએ દાવો કર્યો હતો કે રવિવારે (આજે) બપોરે હોસ્પિટલમાં વિસ્ફોટ કરવામાં આવશે. 'મીડિયા અહેવાલ' અનુસાર, હોસ્પિટલ વહીવટીતંત્રએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી, જેના પગલે પોલીસ કાફલો અને સ્પેશિયલ ફોર્સ ઘટનાસ્થળે દોડી આવી હતી.મુંબઈ પોલીસની બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) દ્વારા હોસ્પિટલના દરેક વોર્ડ, પાર્કિંગ એરિયા અને ખુલ્લી જગ્યાઓની સઘન તપાસ કરવામાં આવી હતી.

# NFR RPF એ અઠવાડિયા સુધી ચાલેલા ઓપરેશનમાં ગુનેગારોની ધરપકડ કરી અને ગેરકાયદેસર વસ્તુઓ જપ્ત કરી

માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) એ 28 ફેબ્રુઆરીથી 4 માર્ચ, 2026 વચ્ચે અનેક સફળ કામગીરી હાથ ધરી. આ કામગીરી મુસાફરોની સલામતી અને રેલ્વે સામગ્રીની સુરક્ષા પ્રત્યે RPF ની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે. સંકલિત તકેદારી અને સક્રિય કાર્યવાહી દ્વારા, NFR હેઠળના ઘણા સ્ટેશનો અને ટ્રેનો પર RPF કર્મચારીઓએ ગુનેગારોને પકડ્યા, પ્રતિબંધિત વસ્તુઓ જપ્ત કરી અને સંવેદનશીલ મુસાફરોને બચાવ્યા. આ સમયગાળા દરમિયાન, RPF ટીમોએ રેલ્વે સુરક્ષાને અસર કરતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરી. 2 માર્ચ, 2026 ના રોજ, હોજાઈ ખાતે RPF કર્મચારીઓએ ધાલપુખુરી અને લંકા વિભાગો વચ્ચે ટ્રેન નંબર 13176 પર પથ્થરમારો કરવામાં સામેલ એક વ્યક્તિને



પકડી પાડ્યો. તેની કાર્યવાહીથી ટ્રેનની બારીના કાચને નુકસાન થયું, જોકે કોઈ મુસાફરોને ઈજા થઈ ન હતી. તેવી જ રીતે, 4 માર્ચ, 2026 ના રોજ, કામાખ્યા ખાતે RPF કર્મચારીઓએ સરાઈઘાટ પુલ પાર કર્યા પછી ટ્રેન નંબર 15946 ડાઉન પર પથ્થરમારો કરવા બદલ એક વ્યક્તિની ધરપકડ કરી હતી. આ કૃત્યથી ટ્રેનમાં સવાર એક મુસાફર ઘાયલ થયો હતો. બંને ઘટનાઓમાં રેલ્વે કાયદાની સંબંધિત



કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યા હતા.RPF ટીમોએ ગેરકાયદેસર દારૂના પરિવહનમાં પણ મોટી સફળતા મેળવી હતી. 2 માર્ચ, 2026 ના રોજ, ન્યૂ અલીપુરદ્વાર ખાતે RPF અને GRP કર્મચારીઓએ ટ્રેન નંબર 01666 ડાઉનમાંથી આશરે 25.45 લાખની કિંમતનો 50,900 કિલો દાવા વગરનો ગાંજો જપ્ત કર્યો હતો. વધુમાં, 1 માર્ચથી 4 માર્ચ, 2026 ની વચ્ચે, ગુવાહાટી, રંગિયા, કટિહાર, કિશનગંજ અને બારસોઈ જેવા સ્ટેશનો પર દાવા વગરનો દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો, અને આ માલ વધુ કાનૂની કાર્યવાહી માટે સંબંધિત એક્સાઈઝ અધિકારીઓને સોંપવામાં આવ્યો હતો. અમલીકરણ પ્રવૃત્તિઓ ઉપરાંત, RPF કર્મચારીઓએ માનવતાવાદી પહેલ પણ કરી હતી. ૨ માર્ચ, ૨૦૨૬ થી ૪ માર્ચ, ૨૦૨૬ સુધી, ગુવાહાટી, બદરપુર, લુમડિંગ અને કામાખ્યા જેવા સ્ટેશનો પર ઘણા ભાગેડુ સગીરો અને સંવેદનશીલ મુસાફરોને બચાવી લેવામાં આવ્યા હતા.

# રાષ્ટ્રપતિના પ્રોટોકોલનું ઉલ્લંઘન બંગાળ સરકાર પાસે ખુલાસો મંગાયો

(એજન્સી) કોલકાતા/નવી દિલ્હી | તા.08

ભારતના સર્વોચ્ચ બંધારણીય વડા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની પશ્ચિમ બંગાળની મુલાકાત અત્યારે મોટા રાજકીય અને વહીવટી વિવાદનું કેન્દ્ર બની ગઈ છે. રાષ્ટ્રપતિના પ્રવાસ દરમિયાન સુરક્ષામાં ગંભીર ખામીઓ અને રાષ્ટ્રપતિના પ્રોટોકોલનું ઉલ્લંઘન થવાના મામલે કેન્દ્ર સરકાર અત્યંત આક્રમક મૂડમાં છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ ઘટનાની કડક નોંધ લેતા પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ પાસે તાત્કાલિક અસરથી વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. આ વિવાદને પગલે દિલ્હી અને કોલકાતા વચ્ચે ફરી એકવાર સંઘર્ષની સ્થિતિ પેદા થઈ છે. કેન્દ્રીય ગૃહ સચિવે રાજ્ય સરકારને પાઠવેલા પત્રમાં સુરક્ષા વ્યવસ્થામાં રહેલી ક્ષતિઓ અને પ્રોટોકોલના અભાવ અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. 'મીડિયા અહેવાલ' મુજબ, આ ગંભીર ભૂલ બદલ દાર્જિલિંગના જિલ્લા મેજિસ્ટ્રેટ (DM), સિલિગુડીના પોલીસ કમિશનર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સામે કડક કાર્યવાહી થવાની સંભાવના છે. ગૃહ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રપતિની સુરક્ષા અને ગરિમા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ સ્વીકારવામાં આવશે નહીં.રાષ્ટ્રપતિના આગમન સમયે પ્રોટોકોલ મુજબ મુખ્યમંત્રી કે રાજ્યના ઉચ્ચ અધિકારીઓ હાજર હોવા જોઈએ, પરંતુ બંગાળમાં માત્ર સ્થાનિક મેયર જ હાજર રહ્યા હતા. એટલું જ નહીં, રાષ્ટ્રપતિ માટે અનામત રખાયેલા શૌચાલયમાં પાણીની સુવિધા ન હોવી અને વહીવટી માર્ગ કચરાથી ભરેલો હોવા જેવી બાબતોએ વહીવટીતંત્રની પોલ ખોલી નાખી છે. 'સૂત્રો દ્વારા' મળતી વિગતો મુજબ, રાષ્ટ્રપતિના રૂટની સચોટ માહિતીનો અભાવ હોવાને કારણે સુરક્ષામાં મોટું જોખમ ઉભું થઈ શક્યું હોત, જે અત્યંત ચિંતાનો વિષય છે.ઉત્તર બંગાળમાં આયોજિત નવમા આંતરરાષ્ટ્રીય સંથાલ સંમેલનનું સ્થળ છેલ્લી ઘડીએ બદલી નાખવામાં આવતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સ્વયં નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "મમતા બેનરજી મારી નાની બહેન સમાન છે, પરંતુ આટલી નાની જગ્યાએ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ કેમ રખાયો? જો મોટું મેદાન હોત તો લાખો આદિવાસી ભાઈ-બહેનો ભાગ લઈ શક્યા હોત." રાજ્ય સરકારે છેલ્લી ઘડીએ કાર્યક્રમ બિધાનનગરથી ખસેડીને બાગડોગરા પાસેના નાના ગોશાયપુર મેદાનમાં કર્યો હતો, જેના કારણે હજારો લોકો હાજરી આપી શક્યા ન હતા.આ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'X' પર પોસ્ટ કરીને તૃણમૂલ કોંગ્રેસ (TMC) સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, "રાષ્ટ્રપતિનું અપમાન કરીને ટીએમસી સરકારે તમામ હદ પાર કરી દીધી છે. રાષ્ટ્રપતિ પદ રાજકારણથી ઉપર છે.

## દિલ્હી માટે નવો ડ્રેનેજ માસ્ટર પ્લાન: ૫૦ વર્ષ બાદ સરકારનો મોટો નિર્ણય

નવી દિલ્હી: રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં દાયકાઓથી ચાલી આવતી જળબંબાકાર અને પ્રદૂષણની ગંભીર સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા માટે રાજ્ય સરકારે કમર કસી છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ રવિવારે જાહેરાત કરી હતી કે, લગભગ પાંચ દાયકાના લાંબા અંતરાલ બાદ દિલ્હી માટે દિલ્હી માટે નવો ડ્રેનેજ માસ્ટર પ્લાન રજૂ કરવામાં આવ્યો છે. મજલિસ પાર્ક-મૌજપુર બાબરપુર કોરિડોરના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના સહયોગથી શહેરના આધુનિકીકરણ અને નાગરિક સુવિધાઓમાં સુધારો કરવા માટે નક્કર પગલાં લેવામાં આવી રહ્યા છે. દિલ્હીમાં દર વર્ષે ચોમાસા દરમિયાન અનેક વિસ્તારો જળમગ્ન થઈ જતા હોય છે, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અમે પ્રદૂષણ અને જળબંબાકાર જેવી સમસ્યાઓ ઉકેલવા માટે કેન્દ્ર સરકારની મદદથી કાર્ય કરી રહ્યા છીએ. ૫૦ વર્ષ બાદ આ નવો ડ્રેનેજ માસ્ટર પ્લાન લાવવામાં આવ્યો છે, જે શહેરના પાણીના નિકાલની વ્યવસ્થાને સંપૂર્ણપણે બદલી નાખશે." આ પ્લાન દ્વારા આધુનિક ડ્રેનેજ સિસ્ટમ વિકસાવવામાં આવશે જેથી ભારે વરસાદમાં પણ રસ્તાઓ પર પાણી ભરાવાની સમસ્યા ન રહે.આ અગાઉ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં જનરલ પૂલ રેસિડેન્શિયલ એકોમોડેશન (GPRA) રિડેવલપમેન્ટ પ્લાન હેઠળ ૧૫,૨૦૦ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.

# બિહારના રાજકારણમાં મોટો ધડાકો: નિશાંત કુમાર બનશે નાયબ મુખ્યમંત્રી

પટના:બિહારના રાજકારણમાં અત્યારે ભારે ઉથલપાથલના સંકેતો મળી રહ્યા છે. વંશવાદના રાજકારણ સામે હંમેશા અવાજ ઉઠાવતા મુખ્યમંત્રી નીતિશ કુમાર હવે પોતે જ પોતાના પુત્રને રાજકારણમાં લોન્ચ કરવાની તૈયારીમાં હોવાના અહેવાલો છે. જેડીયુ (JD-U) ના વરિષ્ઠ ધારાસભ્ય હરિનારાયણ સિંહે એક સનસનીખેજ દાવો કરતા જણાવ્યું છે કે, નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર ટૂંક સમયમાં બિહારના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. 'મીડિયા અહેવાલ' અનુસાર, આ નિર્ણય મુખ્યમંત્રી આવાસ પર મળેલી પક્ષની એક મહત્વની બેઠકમાં લેવામાં આવ્યો છે.નાલંદાના હરનૌત બેઠકના ધારાસભ્ય અને



નીતિશ કુમારના અત્યંત વિશ્વાસુ ગણાતા હરિનારાયણ સિંહે દાવો કર્યો છે કે વિધાનસભા પક્ષની બેઠકમાં નિશાંત કુમારને નવી સરકારમાં મહત્વની જવાબદારી સોંપવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, નિશાંત કુમાર આવતા મહિને એપ્રિલમાં યોજાનારી વિધાન પરિષદ (MLC) ની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવશે. બંધારણીય નિયમો મુજબ મંત્રી પદ સંભાળવા માટે છ મહિનામાં કોઈ પણ એક ગૃહના સભ્ય હોવું ફરજિયાત છે, જેના માટે આ વ્યૂહરચના ઘડવામાં આવી હોવાનું જણાય છે.આ અટકળો એવા સમયે વહેતી થઈ છે જ્યારે નીતિશ કુમાર મુખ્યમંત્રી પદ છોડીને કેન્દ્રના રાજકારણમાં એટલે કે રાજ્યસભામાં જઈ શકે તેવી ચર્ચાઓ જોર પકડી રહી છે. બિહારમાં અત્યારે એનડીએ (NDA) ની સરકાર છે અને ભાજપ સૌથી મોટી પાર્ટી છે. જો નીતિશ કુમાર પદ છોડે તો ભાજપ મુખ્યમંત્રી પદ પર દાવો કરી શકે છે. તેવા સંજોગોમાં જેડીયુ તેના હિતોની રક્ષા માટે નિશાંત કુમારને નાયબ મુખ્યમંત્રી પદ અને ગૃહ મંત્રાલય જેવા મહત્વના વિભાગો સોંપવા માટે આગ્રહ રાખી શકે છે. હાલમાં ભાજપના બે નાયબ મુખ્યમંત્રીઓ છે, જે સમીકરણ હવે બદલાઈ શકે છે.નિશાંત કુમાર અત્યાર સુધી રાજકારણના અખાડાથી અને મીડિયાની લાઈમલાઈટથી સંપૂર્ણપણે દૂર રહ્યા છે. વ્યવસાયે એન્જિનિયર નિશાંત કુમાર આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં વધુ સમય વિતાવે છે અને ક્યારેય સક્રિય રાજકારણમાં રસ દાખવ્યો નથી. જોકે, નીતિશ કુમારની વધતી વય અને જેડીયુમાં ઉત્તરાધિકારીની શોધ વચ્ચે હવે નિશાંત કુમારને પક્ષની કમાન સોંપવા તરફ ઈશારો થઈ રહ્યો છે.

## રાજ્યપાલ ના હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ: ઉત્તરાખંડમાં મોટી દુર્ઘટના ટળી

શ્રીનગર (ઉત્તરાખંડ): ઉત્તરાખંડના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહ (નિવૃત્ત) એક મોટી હવાઈ દુર્ઘટનામાંથી આબાદ બચી ગયા છે. રવિવારે તેમના હેલિકોપ્ટરમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતા શ્રીનગરમાં તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. પૌરી પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ, રાજ્યપાલના હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ સાવચેતીના ભાગરૂપે શ્રીનગરના જીવીકે (GVK) હેલિપેડ પર કરવામાં આવ્યું હતું. સદનસીબે, આ ઘટનામાં રાજ્યપાલ સહિત હેલિકોપ્ટરમાં સવાર તમામ લોકો સુરક્ષિત છે. રાજ્યપાલ પ્રવાસમાં હતા ત્યારે હેલિકોપ્ટરમાં "કેટલીક ટેકનિકલ સમસ્યાઓ" ઉભી થઈ હતી. પાયલોટે સમયસૂચકતા વાપરીને નજીકના સુરક્ષિત હેલિપેડ પર ઉતરાણનો નિર્ણય લીધો હતો. 'મીડિયા અહેવાલ' અનુસાર, સુરક્ષિત લેન્ડિંગ બાદ રાજ્યપાલને તાત્કાલિક શ્રીનગરના પોલીસ ગેસ્ટ હાઉસ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં વરિષ્ઠ અધિકારીઓએ તેમની મુલાકાત લીધી હતી. આ મામલે અત્યારે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે અને ટેકનિકલ તપાસ શરૂ કરવામાં આવી છે.

### એલપીજી સિલિન્ડર ભાવ ૨૦૨૬ ના નવા દરો જાહેર

## રાંધણ ગેસના ભાવમાં વધારો: જનતા પર ૨૦ પૈસાનો જ બોજ હોવાનો સરકારનો દાવો

નવી દિલ્હી: પશ્ચિમ એશિયાના યુદ્ધગ્રસ્ત માહોલ અને ક્રૂડ ઓઈલની વૈશ્વિક કટોકટીની અસર હવે સામાન્ય ભારતીયના રસોડા સુધી પહોંચી છે. સરકારે રાંધણ ગેસ (LPG) ના ભાવમાં નોંધપાત્ર વધારો ઝીંકતા મધ્યમ વર્ગમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. જોકે, આ આર્થિક બોજ પર કેન્દ્ર સરકારે એક વિચિત્ર તર્ક રજૂ કરતા જણાવ્યું છે કે આ વધારાથી જનતા પર પ્રતિ વ્યક્તિ દૈનિક માત્ર ૨૦ પૈસાનો જ બોજ વધ્યો છે. 'મીડિયા અહેવાલ' અનુસાર, સરકારે સ્પષ્ટ કર્યું છે કે ભલે ગેસ મોંઘો થયો હોય, પરંતુ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં હાલમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં.સરકારી ઓઈલ કંપનીઓએ ૧૪.૨ કિલોના ઘરેલુ રાંધણ ગેસના સિલિન્ડરમાં રૂ. ૬૦ નો વધારો કર્યો છે. આ વધારા સાથે દિલ્હીમાં ઘરેલુ સિલિન્ડરની કિંમત રૂ. ૮૫૩ થી વધીને રૂ. ૯૧૩ થઈ ગઈ છે. છેલ્લા ૧૧ મહિનામાં આ બીજી વખત ભાવ વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ, વેપારીઓ પર પણ મોંઘવારીનો ફટકો પડ્યો છે; ૧૯ કિલોના કમર્શિયલ સિલિન્ડરના ભાવમાં રૂ. ૧૧૪.૫૦ નો વધારો કરાતા તેનો નવો ભાવ રૂ. ૧૮૮૩ પર પહોંચી ગયો છે. નોંધનીય છે કે આ વર્ષે કમર્શિયલ ગેસના ભાવમાં અત્યાર સુધી કુલ રૂ. ૩૦૨ નો તોતિંગ વધારો થયો છે. ભારે ટીકાઓનો સામનો કરી રહેલા સરકારી સૂત્રોએ રાંધણ ગેસના ભાવમાં વધારાનો બચાવ કરતા જણાવ્યું છે કે, આ ગણતરીએ ચાર સભ્યોના પરિવાર પર દૈનિક ૮૦ પૈસાનો વધારો થયો છે. સરકારે પડોશી દેશો સાથે તુલના કરતા જણાવ્યું કે, ભારતમાં ગેસના ભાવ હજુ પણ નેપાળ (રૂ. ૧,૨૦૭), શ્રીલંકા (રૂ. ૧,૨૪૧) અને પાકિસ્તાન (રૂ. ૧,૦૪૬) કરતા ઓછા છે. આમ, વૈશ્વિક ઊર્જા સંકટ વચ્ચે પણ ભારતીયોને પડોશી દેશોની સાપેક્ષમાં મોટી રાહત મળી રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

## નિશાંત કુમારનો જેડીયુમાં પ્રવેશ: પટનામાં કાર્યકર્તાઓએ કર્યું ભવ્ય સ્વાગત

પટના: બિહારના રાજકીય ઈતિહાસમાં રવિવારે એક અભૂતપૂર્વ પ્રકરણ ઉમેરાયું છે. મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારે સત્તાવાર રીતે જનતા દળ (યુનાઈટેડ) નું સભ્યપદ ગ્રહણ કરીને સક્રિય રાજકારણમાં પદાર્પણ કર્યું છે. પટના સ્થિત જેડીયુ કાર્યાલય ખાતે આયોજિત એક કાર્યક્રમમાં નિશાંત કુમારનો જેડીયુમાં પ્રવેશ થતા કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે જેડીયુના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સંજય કુમાર ઝા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઘટનાક્રમ બિહારમાં સત્તાના હસ્તાંતરણ અને ભવિષ્યના નેતૃત્વ તરફ સ્પષ્ટ ઈશારો કરી રહ્યો છે.પક્ષમાં જોડાયા બાદ કાર્યકર્તાઓને સંબોધતા નિશાંત કુમારે તેમના પિતા નીતિશ કુમારના છેલ્લા બે દાયકાના શાસનની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "હું દરેકનો આભાર માનું છું. તમે મારા પર જે વિશ્વાસ મૂક્યો છે તેના પર ખરો ઉતરવાનો પ્રયત્ન કરીશ. છેલ્લા ૨૦ વર્ષમાં મારા પિતાએ બિહાર માટે જે કર્યું છે તેના પર મને, આખા બિહારને અને સમગ્ર દેશને ગર્વ છે."

## વૃદ્ધા સાથે સામૂહિક દુષ્કર્મ: મધ્ય પ્રદેશમાં માનવતા શર્મસાર

ખંડવા: મધ્ય પ્રદેશના ખંડવા જિલ્લામાંથી એક એવી હ્રદયદ્રાવક ઘટના સામે આવી છે, જેણે સમાજમાં નૈતિકતા અને મહિલા સુરક્ષાના દાવાઓને પાયામાંથી હચમચાવી દીધા છે. જિલ્લાના પુનાસા વિસ્તારમાં ચાર હેવાન શખ્સોએ ૯૦ વર્ષના એક અસહાય વૃદ્ધા સાથે અત્યંત અમાનવીય કૃત્ય આચર્યું છે. આ નરાધમોએ વૃદ્ધાના મોઢામાં કપડું ઠાંસીને તેમની સાથે વૃદ્ધા સાથે સામૂહિક દુષ્કર્મ આચર્યું અને ત્યારબાદ તેમને મારી નાખવાના ઈરાદે કૂવામાં ફેંકવાનો પ્રયાસ પણ કર્યો હતો. આ ધ્રુજાવી દેતી ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે રોષ અને દહેશતનો માહોલ છે. પીડિત વૃદ્ધા પોતાના ખેતરમાં બનાવેલી એક નાની ઝૂંપડીમાં એકલા રહેતા હતા. શુક્રવારની રાત્રે ચાર બુકાનીધારી શખ્સો અંધારાનો લાભ લઈને ત્યાં ઘૂસી



આવ્યા હતા. મુજબ, હેવાનોએ વૃદ્ધા સાથે એટલી હદે ક્રૂરતા આચરી હતી કે તેમના પ્રાઈવેટ પાર્ટમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. દુષ્કર્મ આચર્યા બાદ જ્યારે આરોપીઓ વૃદ્ધાને કૂવામાં ફેંકવા જઈ રહ્યા હતા, ત્યારે આસપાસના ખેતરોમાં અન્ય લોકોની અવરજવરના અવાજ સાંભળીને તેઓ વૃદ્ધાને લોહીલુહાણ હાલતમાં જ ખેતરમાં ફેંકીને નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘાયલ વૃદ્ધા આખી રાત ખેતરમાં મદદ વગર તડપતા રહ્યા હતા. શનિવારે સવારે જ્યારે કેટલાક ગ્રામીણો ઘાસચારો ખરીદવા માટે તે વિસ્તારમાં પહોંચ્યા, ત્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. વૃદ્ધાનો ખાટલો સંપૂર્ણપણે લોહીથી ભીંજાયેલો હતો અને તેમની હાલત જોઈને લોકોના રૂવાડા ઉભા થઈ ગયા હતા. તુરંત જ પોલીસ અને વૃદ્ધાની દીકરીને જાણ કરવામાં આવી હતી અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ખંડવા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પીડિત વૃદ્ધા અત્યારે અત્યંત નાજુક હાલતમાં હોવાથી નિવેદન આપવાની સ્થિતિમાં નથી, પરંતુ મહિલા પોલીસ અધિકારીઓની એક ટીમ સતત તેમની દેખરેખ રાખી રહી છે. વૃદ્ધાની દીકરીએ આશંકા વ્યક્ત કરી છે કે આ કૃત્ય કોઈ નશાખોરો દ્વારા આચરવામાં આવ્યું હોઈ શકે છે.

## કન્યા સુમંગલા યોજનાનો નવો પેકેજ: જન્મથી ગ્રેજ્યુએશન સુધી ૨૫,૦૦૦ની સહાય


લખનૌ: આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યની દીકરીઓ માટે એક મોટી જાહેરાત કરી છે. રવિવારે લખનૌમાં આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 'મુખ્યમંત્રી કન્યા સુમંગલા યોજના' હેઠળ હવે દીકરીઓને જન્મથી લઈને ગ્રેજ્યુએશન સુધી કુલ ૨૫,૦૦૦ રૂપિયાનું નાણાકીય પેકેજ આપવામાં આવશે. 'મીડિયા અહેવાલ' અનુસાર, આ યોજનાનો ઉદ્દેશ્ય દીકરીઓને આર્થિક રીતે સશક્ત બનાવવાનો અને તેમને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાનો છે, જેથી તેઓ કોઈના પર નિર્ભર ન રહે.કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ યોજનાના અનેક લાભાર્થીઓને પ્રતીકાત્મક ચેકનું



વિતરણ પણ કર્યું હતું. યોગી આદિત્યનાથે સભાને સંબોધતા કહ્યું કે, "આજે આપણે અહીં ઘણા મહત્વના કાર્યો પૂર્ણ કર્યા છે. દીકરી હવે કોઈના પર બોજ કે નિર્ભર નહીં રહે. ઉત્તર પ્રદેશમાં હાલમાં ૨૭ લાખ દીકરીઓ આ યોજનાનો સીધો લાભ મેળવી રહી છે." આ યોજના દ્વારા દીકરીઓના શૈક્ષણિક સ્તરમાં સુધારો લાવવા અને ભ્રૂણ હત્યા જેવી બદીઓને રોકવા માટે સરકાર કટિબદ્ધ હોવાનું તેમણે ઉમેર્યું હતું.મહિલા દિવસના આ અવસરે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ સોશિયલ મીડિયા દ્વારા મહિલાઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કેરળમાં યુવા વિદ્યાર્થિનીઓ સાથેની પોતાની મુલાકાતને પ્રેરણાદાયક ગણાવી 'X' પર પોસ્ટ કર્યું કે, "મહિલાઓ પરિવર્તન માટેનું સૌથી મોટું બળ છે." અગાઉ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ નારી શક્તિના સાહસ અને સિદ્ધિઓને બિરદાવતા દેશભરની મહિલાઓને આજના દિવસની શુભેચ્છા પાઠવી હતી.પ્રધાનમંત્રી મોદીએ તેમના સંદેશમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતની મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાની સર્જનાત્મકતા અને અતૂટ સંકલ્પ સાથે યોગદાન આપી રહી છે, જે વિકસિત ભારતના નિર્માણ માટે અનિવાર્ય છે. ઉત્તર પ્રદેશમાં પણ મહિલા સુરક્ષા અને સન્માન માટે ચાલી રહેલા વિવિધ અભિયાનોની પ્રશંસા કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એ માત્ર ઉજવણી નથી.

## વચગાળાના ભરણપોષણની અરજી રદ: દિલ્હી કોર્ટે મહિલાની અપીલ ફગાવી

નવી દિલ્હી: દિલ્હીની કડકરડૂમા કોર્ટે એક મહત્વપૂર્ણ આદેશમાં મહિલા દ્વારા કરવામાં આવેલી વચગાળાના ભરણપોષણની અરજીને ફગાવી દીધી છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે, મહિલાએ મિલકત પર જબરદસ્તીથી કબજો મેળવવો, દસ્તાવેજોમાં છેતરપિંડી કરવી અને પતિના પરિવારના સભ્યો સામે ગંભીર ગુનાહિત ફરિયાદો નોંધાવવી જેવા ગંભીર કૃત્યો કર્યા હોવાનું રેકોર્ડ પરથી જણાય છે. 'મીડિયા અહેવાલ' મુજબ, પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સંજય શર્માએ ટ્રાયલ કોર્ટના અગાઉના આદેશને માન્ય રાખ્યો હતો, જેમાં મહિલાને વચગાળાની આર્થિક સહાય આપવાનો ઈનકાર



કરવામાં આવ્યો હતો.મહિલાએ તેના પતિ અને તેના પરિવારના ૧૩ સભ્યો સામે દહેજની માંગણી ઉપરાંત બળાત્કાર અને સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય જેવા અત્યંત ગંભીર આરોપો લગાવ્યા હતા. કોર્ટે નોંધ્યું કે આ પ્રકારના પાયાવિહોણા અને ગંભીર આક્ષેપો પોતે જ પતિ અને તેના પરિવાર સામે 'ક્રૂરતા' સમાન છે. કોર્ટે એ બાબતની પણ નોંધ લીધી કે લગ્ન જીવન માત્ર એક વર્ષ અને ચાર મહિના ચાલ્યું હતું અને મહિલાએ તેના આરોપોને પુષ્ટિ આપવા માટે કોઈ મજબૂત દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા નહોતા.પતિના વકીલ રવિ દ્રાલ દ્વારા કોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે મહિલા 'પીડિત વ્યક્તિ' (Aggrieved Person) ની વ્યાખ્યામાં આવતી નથી. દલીલ મુજબ, મહિલા અને તેના પરિવારના સભ્યોએ પતિની માતાને તેમના જ ઘરમાંથી બહાર કાઢી મૂકી હતી અને મિલકત પર જબરદસ્તીથી કબજો જમાવી દીધો હતો. હાલમાં પતિ અને તેની માતા ભાડાના મકાનમાં રહેવા મજબૂર છે, જ્યારે મહિલા તે વિવાદિત મિલકતમાં રહી રહી છે અને એક જીમમાં ટ્રેનર તરીકે કાર્યરત હોવાનું પણ સામે આવ્યું છે. કોર્ટે કેસના ઘટનાક્રમની વિગતવાર તપાસ કરતા જણાવ્યું કે, પ્રતિવાદી (પતિ) એ પત્ની સામે મિલકત પર જબરદસ્તી કબજો કરવા બદલ જુલાઈ ૨૦૨૩ માં એફઆઈઆર નોંધાવી હતી.

PEGASUS
પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ
55-56, 5મો માળ, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.

કબજા નોટિસ [નિયમો 8 (1)] (સ્થાવર મિલકત માટે)

જે અન્વયે, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રા. લિ. (જેને હવે પછી 'પેગાસસ' તરીકે ઓળખવામાં આવશે) ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (2002 નો 54) હેઠળ અને સરફેસી (SARFAESI) એક્ટની કલમ 13(12) સાથે વંચાણે લેતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાની રૂએ તારીખ 11/12/2025 ના રોજ માંગણી નોટિસ ('13(2) ડિમાન્ડ નોટિસ') જારી કરી હતી, જેમાં દેવાદાર(રો)/ સહ-દેવાદાર(રો)/ ગીરોદાર(રો)/ જામીનદાર(રો) એટલે કે 1) દિલીપ મંડલ, 2) શાંતિ દેવીને નોટિસમાં જણાવેલ રકમ રૂ. 11,39,159/- (રૂપિયા અગિયાર લાખ ઓગણચાલીસ હજાર એકસો ઓગણસાઠ પૂરા) જે તારીખ 17/11/2025 ના રોજ બાકી હતી, તે રકમ કરાર મુજબના વ્યાજ અને ખર્ચ, શુલ્ક અને અન્ય ખર્ચાઓ સાથે સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું. દેવાદારો દ્વારા જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ. (જેને હવે પછી 'જના બેંક' તરીકે ઓળખવામાં આવશે) પાસેથી મેળવેલી ક્રેડિટ સુવિધાઓ, તેની તમામ અંતર્ગત સિક્યોરિટી ઈન્ટરેસ્ટ અને તેમાં રહેલા તમામ હકો, શીર્ષકો અને હિતો સાથે, જના બેંક દ્વારા અસાઇનમેન્ટ ઓફ ડેટ એગ્રીમેન્ટ તારીખ 28/03/2024 મુજબ સરફેસી એક્ટ હેઠળ પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડને સોંપવામાં (Assign) આવી છે. ઉપરોક્ત એસાઇનમેન્ટને અનુસરીને અને સરફેસી એક્ટની જોગવાઈઓ અનુસાર, પેગાસસ 'એસાઈની' (Assignee) બન્યું છે અને તે 13(2) નોટિસમાં જણાવેલ તમામ લેણી રકમ વસૂલવા માટે અને સરફેસી એક્ટ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ મુજબ સિક્યોર્ડ ક્રેડિટર (સુરક્ષિત લેણદાર) તરીકેના તેના તમામ અધિકારોનો ઉપયોગ કરવા માટે હકદાર છે.

દેવાદાર(રો)/ સહ-દેવાદાર(રો)/ ગીરોદાર(રો)/ જામીનદાર(રો) 13(2) નોટિસમાં જણાવેલ બાકી લેણી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, આથી દેવાદાર(રો) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સરફેસી એક્ટની કલમ 13(4) સાથે વંચાણે લેતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલ સુરક્ષિત મિલકતનો કબજો તારીખ 07/03/2026 ના રોજ લીધો છે.

ખાસ કરીને ઉપર જણાવેલ દેવાદાર(રો)/ સહ-દેવાદાર(રો)/ ગીરોદાર(રો)/ જામીનદાર(રો) અને સામાન્ય જનતાને આથી સાવધ કરવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર 'પેગાસસ' ના રૂ. 11,39,159/- (રૂપિયા અગિયાર લાખ ઓગણચાલીસ હજાર એકસો ઓગણસાઠ પૂરા) ના બોજાને આધીન રહેશે જે તારીખ 17/11/2025 ના રોજ બાકી હતી અને તેના પર તારીખ 18/11/2025 થી ચુકવણી/ વસૂલાતની તારીખ સુધી કરાર મુજબના વ્યાજ અને ખર્ચ, શુલ્ક અને ખર્ચાઓ લાગુ થશે.

મહેરબાની કરીને નોંધશો કે, જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ. ના અધિકારીઓ તમારા લોન ખાતા પર કલેક્શન અને રિકવરીની પ્રવૃત્તિઓમાં સામેલ થશે.

દેવાદાર(રો)/ સહ-દેવાદાર(રો)/ ગીરોદાર(રો)/ જામીનદાર(રો) નું ધ્યાન સુરક્ષિત મિલકતો છોડાવવા (રિડીમ કરવા) માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં સરફેસી એક્ટની કલમ 13(8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

જીલ્લો ભરૂચ, સબ-ડીસ્ટ્રીક્ટ અંકલેશ્વર, મોજે દઢાલ, રેવન્યુ સર્વે નં. 54 પૈકી 2, નવા રેવન્યુ સર્વે નં. 183, પૈકી સિલ્વર સીટી-3, પૈકી પ્લોટ નં. 15, ક્ષેત્રફળ- 48.85 ચો.મી. રસ્તો 34.04 ચો.મી. કુલ 79.89 ચો.મી. જેની ચતુર્સીમા: ઉત્તર: પ્લોટ નં. 16 વાળી મિલકત, દક્ષિણ: પ્લોટ નં. 14 વાળી મિલકત, પૂર્વ: પ્લોટ નં. 20 વાળી મિલકત, પશ્ચિમ: સોસાયટીનો આંતરિક રસ્તો.

સ્થળ: દઢાલ, અંકલેશ્વર
તારીખ: 09.03.2026

સહી/- (શ્રી પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી
પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રા. લિ.
(પેગાસસ 2023 ટ્રસ્ટ-10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત)

## બે મહિલાઓ દોઢ લાખની સોનાની બુટ્ટીઓ લઈ ફરાર

અમદાવાદ | અમદાવાદના શેલા વિસ્તારમાં આવેલ જ્વેલરી શોરૂમમાં ચોરીની ઘટના સામે આવી છે. શેલામાં આવેલા જૈનમ જ્વેલર્સમાં બે ઠગ મહિલાઓએ ગ્રાહક બનીને ચોરીને અંજામ આપ્યો હતો. શેલામાં આવેલા જૈનમ જ્વેલર્સમાં બે ઠગ મહિલાઓએ ગ્રાહક બનીને ચોરીને અંજામ આપ્યો હતો. મળતી માહિતી મુજબ બંને મહિલાઓ સામાન્ય ગ્રાહક તરીકે શોરૂમમાં આવી હતી અને સોનાના દાગીના જોવા માંગ્યા હતા. દાગીના જોવાની આડમાં તેમણે તકનો લાભ લઈને દોઢ લાખ રૂપિયા જેટલી કિંમતની સોનાની બુટ્ટીઓ હાથફેરો કરી લીધી હતી.


# સિટી એક્સપ્રેસ

MONDAY 09 MARCH-2026

AHMEDABAD


## વીર સાવરકર વસ્તી દ્વારા હિન્દુ સંમેલનનું આયોજન

વિરમગામ | વિરમગામ શહેરના પરકોટા વિસ્તારમાં વીર સાવરકર વસ્તી દ્વારા સમસ્ત હિન્દુ સમાજનું સંમેલન યોજાયું હતું. સાધુ-સંતોની હાજરીમાં વિશાળ બાઈક રેલી નીકળી હતી. અમદાવાદ ગ્રામ્યના વિરમગામ શહેરમાં શનિવારના રોજ 'વીર સાવરકર વસ્તી' દ્વારા સમસ્ત હિન્દુ સમાજને એકતાંતણે બાંધવા માટે એક ભવ્ય હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિરમગામના મુખ્ય માર્ગો પર યુવાનો દ્વારા વિશાળ બાઈક રેલી યોજવામાં આવી હતી, જેના કારણે સમગ્ર શહેરમાં ઉત્સાહ અને ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.



# પોલીસની નશાબંધી અને જુગાર વિરૂદ્ધ કડક કાર્યવાહી, 39 કેસ નોંધાયા




અમદાવાદ પોલીસે છેલ્લા 24 કલાકમાં નશાબંધી અને જુગાર ધારા હેઠળ સપાટો બોલાવી અનેક શખ્સોની ધરપકડ કરી છે અને મુદ્દામાલ જપ્ત કર્યો છે. અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના હેતુથી અમદાવાદ શહેર પોલીસ એક્શન મોડમાં આવી છે. છેલ્લા 24 કલાકમાં પોલીસે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં નશાબંધી અને જુગારના અડ્ડાઓ પર આકસ્મિક રેડ કરીને મોટી સફળતા મેળવી છે. આ ઓપરેશનથી અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. પો રેડ દરમિયાન પોલીસે દેશી અને વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો છે, જેમાં 221 લીટર દેશી દારૂ, 8 બોટલ અને 2 ક્વોટર ઈંગ્લીશ દારૂ, 4 બિયર ટીન જપ્ત કરવામાં આવ્યો છે. આ સાથે જ, દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતું 1 સ્કૂટર પણ જપ્ત કરવામાં આવ્યું છે. લીસ દ્વારા હાથ ધરવામાં આવેલી આ વિશેષ ઝુંબેશમાં નશાબંધી ધારાના ભંગ બદલ કુલ 39 ગુના દાખલ કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે 37 વ્યક્તિઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની આ સતર્કતાને કારણે દારૂના વેચાણ અને હેરાફેરી કરતા નેટવર્કને મોટો ફટકો પડ્યો છે. માત્ર નશાબંધી જ નહીં, પરંતુ જુગારની બદીને ડામવા પણ પોલીસે કડક વલણ અપનાવ્યું છે. જુગાર ધારા હેઠળ 3 કેસ નોંધીને 12 શખ્સોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. જુગારના સ્થળેથી રૂપિયા 16,220ની રોકડ રકમ અને જુગાર રમવાનું સાહિત્ય જપ્ત કરી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

### પોલીસ કમિશ્નરે નો ડ્રોન ફ્લાય ઝોનનું જાહેરનામું બહાર પાડ્યું

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અમદાવાદ મુલાકાતને ધ્યાનમાં રાખીને સુરક્ષાના કારણોસર સમગ્ર શહેરમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા આ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અમદાવાદ મુલાકાતને ધ્યાનમાં રાખીને સુરક્ષાના કારણોસર સમગ્ર શહેરમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા આ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે બોડકદેવ ખાતે નવનિર્મિત સબ-ઝોનલ ઓફિસનું લોકાર્પણ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદમાં નાગરિકોને વધુ સુલભ અને ઝડપી વહીવટી સેવાઓ મળી રહે તે હેતુસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બોડકદેવ વિસ્તારમાં નવનિર્મિત સબ-ઝોનલ ઓફિસનું લોકાર્પણ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ સબ-ઝોનલ ઓફિસને 'સ્વ. બંસીભાઈ પ્રાણલાલ પટેલ'ના નામે નામાભિધાન પણ કરવામાં આવ્યું. લોકાર્પણ બાદ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ નવનિર્મિત ભવનનું નિરીક્ષણ કરી તેની અદ્યતન સુવિધાઓ અંગે માહિતી મેળવી. પશ્ચિમ ઝોનના નાગરિકો માટે આ સબ-ઝોનલ ઓફિસ વહીવટી સરળતા અને સુવિધાનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે. આ ઓફિસ કાર્યરત થતાં બોડકદેવ અને આસપાસના વિસ્તારોના નાગરિકોને મ્યુનિસિપલ સેવાઓ માટે હવે મુખ્ય ઝોનલ ઓફિસ સુધી જવાની જરૂર નહીં રહે. ભવનમાં ટેક્સ કલેક્શન, સિવિક સેન્ટર સહિત વિવિધ વહીવટી સેવાઓ માટે આધુનિક માળખાગત સુવિધાઓ ઉભી કરવામાં આવી છે, જેના કારણે પશ્ચિમ અમદાવાદના વહીવટી માળખામાં નોંધપાત્ર સુધારો થશે અને નાગરિકોના સમય તથા શ્રમની બચત થશે.

## સગીરાનું અપહરણ કરીને બળાત્કાર ગુજારનાર આરોપીને ૨૦ વર્ષની કેદ

ગાંધીનગર : ગાંધીનગરના ખોરજ ખાતે ત્રણ વર્ષ અગાઉ સગીરાને પ્રેમ જાળમાં ફસાવીને અપહરણ કરીને લઈ જઈ બળાત્કાર ગુજારનાર આરોપી સામે ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર એડિશનલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટ દ્વારા પોક્સોના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

આ કેસની મળતી વિગતો પ્રમાણે મૂળ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના મેઘનગર તાલુકાના ગુવાળી ગામનો વતની સાધુ મકન ભૂરીયાએ ગત ૩૦ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ખોરજ ગામેથી સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કર્યું હતું. સગીરાને તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો અને દસ દિવસથી વધુ સમય સુધી ગેરકાયદે અટકાયતમાં રાખી હતી. સગીરા સગીર હોવાની જાણ હોવા છતાં તેની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધી જઘન્ય અપરાધ કર્યો હતો. સગીરાના પિતા દ્વારા અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો હતો. જેના આધારે ગાંધીનગરના બીજા એડિશનલ સેશન્સ જજ એસ.વી. શર્માની કોર્ટમાં કેસ ચાલ્યો હતો.

## બાકી મિલકતવેરો વસૂલવા અમદાવાદમાં એક દિવસમાં ૫૪૯૦ મિલકત સીલ કરાઈ

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૩૧ માર્ચ-૨૬ સુધી વ્યાજમાફી સ્કીમ અમલમાં મુકાઈ છે.બીજી તરફ શનિવારે એક જ દિવસમાં સાત ઝોનમાં બાકીદારોની ૫૪૯૦ મિલકત સીલ કરી રુપિયા ૫.૪૯ કરોડની બાકી મિલકતવેરાની વસૂલાત કરાઈ હતી.પશ્ચિમઝોનમાં સૌથી વધુ ૩૧૬૭ મિલકત સીલ કરી રુપિયા ૧.૨૪ કરોડની વસૂલાત કરાઈ હતી.

શહેરના મધ્યઝોનમાં મેઘાણીનગર,ન્યૂ કલોથ માર્કેટમા આવેલી બાકીદારોની મિલકત સહિત કુલ ૪૦૫ મિલકત સીલ કરી રુપિયા ૧.૧૧ કરોડની વસૂલાત કરાઈ હતી.ઉત્તરઝોનમાં સુમેલ બિઝનેસ પાર્ક સહિત અન્ય ૩૩૩ બાકીદારોની મિલકત સીલ કરી રુપિયા ૩૩ લાખની વસૂલાત કરાઈ હતી.દક્ષિણ ઝોનમા માત્ર ૮૯ મિલકત સીલ કરી રુપિયા ૪૧ લાખની કરવસૂલાત કરાઈ હતી.પૂર્વ ઝોનના વિવિધ



એસ્ટેટની ૬૩૩ મિલકત સીલ કરી બાકીદારો પાસેથી રુપિયા ૭૩ લાખના બાકી મિલકતવેરાની વસૂલાત કરાઈ હતી.ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૩૮૨ મિલકત સીલ કરીને રુપિયા ૧.૨૦ કરોડ તથા દક્ષિણ-પશ્ચિમ ઝોનમા ૪૮૧ મિલકત સીલ કરી રુપિયા ૪૭ લાખ બાકી મિલકતવેરા પેટે વસૂલ કરવામા આવ્યા હતા.

## અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે તપોવન વિદ્યાવિહારનું ઉદ્ઘાટન



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ ખાતે આધુનિક સુવિધાસભર તપોવન વિદ્યાવિહારનું ઉદ્ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી. ઉદ્ઘાટન બાદ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ વિદ્યાવિહારના વર્ગખંડોની મુલાકાત લઈ શૈક્ષણિક સુવિધાઓનું અવલોકન કર્યું તેમજ મુખ્ય દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આધુનિક સુવિધાઓથી સજ્જ આ વિદ્યા સંકુલ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે સંસ્કારનું પણ સંવર્ધન કરશે. તેમણે ઉમેર્યું કે તપોવન વિદ્યાવિહાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી વિરાસત ભી'ના સૂત્રને સાકાર કરતું ઉત્તમ ઉદાહરણ છે. કાર્યક્રમમાં અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબેન જૈન, સ્થાનિક ધારાસભ્ય અમિતભાઈ શાહ સહિત વિવિધ આગેવાનો, જૈન સાધુ-સંતો અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## હવે AIથી થશે નાગરિકોના પ્રશ્નો અને ફરિયાદનું નિરાકરણ કરવામાં આવશે

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લિમિટેડ (SCADL) મારફતે કોમ્પ્રેહેન્સીવ કમ્પ્લેઈન્ટ રિડ્રેસલ સિસ્ટમ 2.0 (CCRS 2.0) પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. AMC દ્વારા નાગરિકોની ઓનલાઈન અલગ અલગ માધ્યમોથી ફરિયાદ લેવામાં આવે છે જેમાં વોટ્સએપ, ટ્વીટર, SMS અને ફોનના માધ્યમથી ફરિયાદ નોંધાવી શકાય છે.

અત્યાધુનિક ટેકનોલોજી સાથે નાગરિકોની ઓનલાઈન ફરિયાદના તમામ માધ્યમોને એક જ પ્લેટફોર્મ પર લાવવાનો છે. AI અને એનાલિટિક્સ દ્વારા સમસ્યાઓનો ઝડપી ઉકેલ, રિયલ-ટાઈમ કામગીરીની પારદર્શિતા, મલ્ટી-ચેનલ ફરિયાદોનું રજિસ્ટ્રેશન, નાગરિકોની સેવા ઝડપી નિરાકરણ મળે તેના માટે કરવામાં આવશે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદની અંદર તમામ સિટીઝનો જે 155303 ઓનલાઈન કોર્પોરેશનનો જે નંબર છે તેના પર ફરિયાદ કરતા હોય છે અને તેમની ફરિયાદોનું 24 કલાકમાં નિરાકરણ આવતું હોય છે. પરંતુ ઘણીવાર સિટીઝન દ્વારા ફરિયાદ કામ થયા વગર જ બંધ થઈ ગઈ એવી ફરિયાદ આવતા તેનું ક્રોસ વેરીફિકેશન કરવામાં આવતું હતું.

જોકે, હવે 155303 નંબર પર ઓનલાઈન ફરિયાદ કરતા AI દ્વારા તેને રિસિવ કરવામાં આવશે અને સમગ્ર મામલે કન્વર્ઝેશન કરી તેની ફરિયાદ નોંધવામાં આવશે. નાગરિકોની જે પણ ફરિયાદ હોય જેમ કે, વોટર, ડ્રેનેજ કે પછી લાઈટ રિલેટેડ અથવા અધર કોઈ ફરિયાદ હોય તેનો પહેલાનો ફોટો અને પછીનો ફોટો AI વર્ઝન દ્વારા અપડેટ કરવામાં આવશે. આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દેશની સૌપ્રથમ AI બેસ કમ્પ્લેન આધારીત ટેકનોલોજીનો ઉપયોગ કરી નગરજનોના પ્રશ્નોનું નિરાકણ લાવનાર મહાનગરપાલિકા બનશે.

એડવાન્સ IVR સિસ્ટમનો ઉપયોગ (25 ચેનલ કે જેનું રેકોર્ડિંગ અને 50 ચેનલ સુધી વિસ્તરણની ક્ષમતા), વોટ્સએપ ચેટબોટ, મોબાઈલ એપ્લિકેશન, વેબ પોર્ટલ, સોશિયલ મીડિયા ઈન્ટીગ્રેશન, SMS, ઈમેલ, વોર્ડ ઓફિસ વોક-ઈન સહિતના માધ્યમો ફરિયાદ નોંધણી માટે ઉપલબ્ધ રહેશે. આ તમામ માધ્યમોથી મળતી માહિતી એનાલિસ્ટિક ડેશબોર્ડ, GIS Maps, AI ચેટબોટ અને મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (MIS) સિસ્ટમમાં પહોંચશે.

આ સાધનો દ્વારા ફરિયાદ નિવારણ, ઓટોમેટેડ એસ્કેલેશન, SLA ટ્રેકિંગ અને નાગરિક પ્રતિસાદ વ્યવસ્થા શક્ય બનશે. આ પ્રોજેક્ટ હેઠળ 5 વર્ષ સુધી ઓપરેશન્સ એન્ડ મેઈન્ટેનન્સ, 24x7 કોલ સેન્ટર સેવા, ટેકનિકલ સ્ટાફ અને સતત તાલીમ પણ આપવામાં આવશે. શહેરમાં પહેલાથી જ ઈન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ (ITMS), સિટી સર્વેલન્સ સિસ્ટમ, ઈ-ચલણ સિસ્ટમ, સ્માર્ટ આંગણવાડી, સ્માર્ટ પબ્લિક ટોઈલેટ્સ, ઈન્ટીગ્રેટેડ સિટી કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર જેવી અનેક મહત્વપૂર્ણ સ્માર્ટ સિટી પહેલ અમલમાં છે. CCRS 2.0 આ ડિજિટલ પાયા પર આધારીત એક નવી પેઢીની સિસ્ટમ છે જે AMCની વિવિધ સ્માર્ટ એપ્લિકેશન્સ અને ઓપરેશનલ ડેશબોર્ડ સાથે સંકલિત થઈને વધુ સારી રીતે કામગીરી કરશે.

પ્રોજેક્ટ અંતર્ગત એનાલિટિક્સ ડેશબોર્ડ રીઅલ-ટાઈમ ફરિયાદ ટ્રેકિંગ, ઝોન/વોર્ડ/સમાજ-મુજબ વિશ્લેષણ, ગરમીના નકશા, પેટર્ન ઓળખ અને આગાહી દ્વારા સુરક્ષિત અને સંપૂર્ણપણે ડેટા-આધારિત શાસન માળખું પૂરું પાડે છે.